સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 31

[25/07/21 to 31/07/21]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




ગુરુહરિ પરમ પુજય
હરિપ્રસાદ સ્વામીને
'કોટી કોટી નમન'
1934 - 2021


સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**25 JULY-2021**


- દિવસ મહિમા : 25 જુલાઈ, ડુબતા લોકોને બચાવવા માટેનો દિવસ ..... 02
- અષાઢ પૂર્ણિમા- ધમ્મ ચક્ર દિવસ ..... 02
- ભારતની 39મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે રુદ્રેશ્વર મંદિર (રામપ્પા મંદિર)નો સમાવેશ ..... 03
- Gross Environment Product- GEP ..... 04
- QUESTION ANSWERS ..... 05


**26 JULY-2021**


- દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ ..... 06
- સામયિક લેબર ફોર્સ સર્વે 2019-20 ..... 06
- પાવર આઈલેન્ડિંગ સિસ્ટમ (Power Islanding Systems) ..... 07
- QUESTION ANSWERS ..... 08


**27 JULY-2021**


- કટલેસ એક્સપ્રેસ કવાયત (Exercise Cutlass Express) ..... 09
- કંડલા બન્યુ IGBC Green Cities Platinum રેટિંગ હાંસલ કરનાર પ્રથમ SEZ ..... 09
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ઉદ્યોગસાહચિકતા અને સંચાલન બિલ, 2021 ..... 10
- 'ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (સુધારા બિલ) લોકસભામાંથી પસાર, 2021' ..... 11
- QUESTION ANSWERS ..... 13


**28 JULY-2021**


- દિવસ મહિમા : 28 જુલાઈ 1) વિશ્વ હેપેટાઈટિસ દિવસ 2) વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ ..... 14
- સુશ્રી પ્રિયા મલિકને 'વર્લ્ડ કેડેટ કુશ્તી ચેમ્પિયનશિપ'માં ગોલ્ડ મેડલ ..... 14
- ભારતની 40મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે ધોળાવીરાનો સમાવેશ ..... 15
- નેવિગેશન માટે દરિયાઈ સહાયતા બિલ, 2021 ..... 18
- IPS અધિકારી શ્રી રાકેશ અસ્થાનાની દિલ્હી પોલીસ કમિશનર તરીકે નિમણૂક ..... 19
- QUESTION ANSWERS ..... 20


**29 JULY-2021**


- દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ ..... 21
- શ્રી બસવરાજ બોમ્માઈ (Basavaraj Bommai) કર્ણાટકના 23મા મુખ્યમંત્રી ..... 22
- NEET ઓલ ઈન્ડિયા ક્વોટા ..... 22
- QUESTION ANSWERS ..... 24


**30 JULY-2021**


- દિવસ મહિમા : 30 જુલાઈ, માનવ તસ્કરી વિરુધ્ધ વિશ્વ દિવસ ..... 25
- આત્મીયતાના સર્જક - સુહૃદય સમ્રાટ પુજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજી મહારાજ 88 વર્ષની વયે અક્ષરધામ નિવાસી થયા ..... 25
- ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) બિલ, 2021 ..... 26
- QUESTION ANSWERS ..... 27


**31 JULY-2021**


- ભારત અને રશિયા વચ્ચે 12મી સંયુક્ત લશ્કરી કવાયત INDRA-21 ..... 28
- સતલજ નદીનું પ્રદૂષણ ..... 29
- ભારત ઓગસ્ટ મહિનામા UNDCના અધ્યક્ષનું પદ સંભાળશે ..... 29
- QUESTION ANSWERS ..... 31

ONE LINER ..... 32

QUESTION OF THIS WEEK ..... 38


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 જુલાઈ, ડુબતા લોકોને બચાવવા માટેનો દિવસ (World Drowing Prevention Day)

## અષાઢ પૂર્ણિમા- ધમ્મ ચક્ર દિવસ

તાજેતરમાં ભારતે 'આંતરરાષ્ટ્રીય બૌધ્ધ સંઘ' (IBC) ની ભાગીદારીમાં 24 જુલાઈ, 2021ના રોજ 'અષાઢ પૂર્ણિમા–ધમ્મ ચક્ર દિવસ'નું આયોજન કર્યુ હતું.

- આ દિવસ બૌધ્ધ અને હિન્દુ ધર્મ દ્વારા તેમના ગુરુઓ પ્રત્યેની આદરણીયતા માટે ગુરૂપૂર્ણિમાં તરીકે ઉજવવામાં આવે છે.
- આ દિવસ નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને સંબોધન કર્યુ હતું.

### ગુરુપૂર્ણિમા

ભારતમાં અષાઢ સુદ પૂનમ ગુરૂપૂર્ણિમા તરીકે ઉજવાય છે.

- આ અંતર્ગત વર્ષ 2021માં 24 જુલાઈના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારતમાં આદી શંકરાચાર્ય દ્વારા શરૂ થયેલી ગુરુશિષ્ય પંરપરામાં તેમજ ભારતમાં અનાદીકાળથી ચાલી આવતી આધ્યાત્મિક પરંપરામાં ગુરૂપૂર્ણિમાનો વિશેષ મહિમા છે.
- ભારતીય સંસ્કૃતિની, ભારતીય અધ્યાત્મ જગતની કોઈ વિલક્ષણ ઘટના હોય તો તે ગુરુશિષ્ય પંરપરા છે.
- કદાચ વિશ્વને ભારતની કોઈ સૌથી મોટી ભેટ હોય તો તે ગુરુશિષ્ય પરંપરા જ છે.
- ભારતના ગૌરવવંતા ઈતિહાસમાં વાલિયા લૂંટારામાંથી 'વાલ્મિકી ઋષિ', બહારવટીયા જેસલમાંથી 'જેસલપીર', શિવામાંથી 'છત્રપતિ શિવાજી મહારાજ' અને નરેન્દ્રમાંથી 'સ્વામી વિવેકાનંદ'નો પ્રાદૂર્ભાવ એ આ ગુરૂશિષ્ય પરંપરાના જ નીતર્યા મોતિ છે.

નોંધ : (1) ગુરૂપૂર્ણિમાના દિવસે મહાભારતના રચયિતા મહાર્ષિ વ્યાસજીનો જન્મ દિવસ હોવાથી આ પૂર્ણિમાને 'વ્યાસપૂર્ણિમા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) ભગવાન બુધ્ધે આજના દિવસ નિમિત્તે એટલે કે અષાઢ પૂર્ણિમાના દિવસે ઉત્તરપ્રદેશના સારનાથ ખાતે તેમનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો.

(3) અષાઢી પૂર્ણિમાને ચોમાસાની શરૂઆતનું પ્રતીક પણ માનવામાં આવે છે.

### અષાઢ પૂર્ણિમા-ધમ્મ ચક્ર દિવસ

આ દિવસ ભગવાન બુધ્ધ દ્વારા તેમના પાંચ પ્રથમ તપસ્વી શિષ્યોને અપાયેલા ઉપદેશનું પ્રતિક છે.

- તેમણે જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ વિશ્વને પોતાનો પ્રથમ ઉપદેશ આપ્યો હતો.
- તેમણે પ્રથમ ઉપદેશ ઋષીપતન (સારનાથ)માં આપ્યો હતો.
- આ દિવસને 'ધમ્મ ચક્ર દિવસ' અથવા 'ધર્મચક્ર પરિવર્તન' દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ભારતની 39મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે રુદ્રેશ્વર મંદિર (રામપ્પા મંદિર)નો સમાવેશ

તાજેતરમાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં રુદ્રેશ્વર મંદિરનો સમાવેશ કરવામાં આવ્યો છે.



- વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ થનાર આ ભારતની 39મી સાઈટ છે.
- 25 જુલાઈ, 2021ના રોજ વર્લ્ડ હેરિટેજ સમિતિના 44માં સત્રમાં આ સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- ભારત સરકાર દ્વારા વર્ષ 2019માં રુદ્રેશ્વર મંદિર (રામપ્પા મંદિર)ને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે નામાંકન માટે દરખાસ્ત કરવામાં આવી હતી.

## રુદ્રેશ્વર મંદિર

રુદ્રેશ્વર મંદિર તેલંગાણા રાજ્યના મુલુગુ જિલ્લાના પાલમપેટ ખાતે સ્થિત છે.

- રુદ્રેશ્વર મંદિરનું નિમાર્ણ ઈ.સ. 1213માં કાકતીય સામ્રાજ્યના શાસનકાળમાં કાકતીય રાજા શ્રી ગણપતિ દેવના એક સેનાપતિ શ્રી રેચારલા રુદ્રએ કરાવ્યું હતું. આ મંદિરમાં ભગવાન રામલિંગેશ્વરની પૂજા કરવામાં આવે છે.
- આ મંદિરને 'રામપ્પા મંદિર' તરીકે પણ ઓળખવામાં આવે છે. જેનું નામ શિલ્પકારના નામ પરથી રાખવામાં આવ્યું છે જેમણે 40 વર્ષ સુધી આ મંદિરમાં કામ કર્યુ હતું.
- આ મંદિર છ ફૂટ ઉંચુ તારા જેવા પ્લેટફોર્મ પર ઉભુ છે, જેમાં દિવાલો, થાંભલાઓ અને છત પર જટિલ કોતરણી કરવામાં આવી છે. જે કાકતિય શિલ્પકારોની અનન્ય કુશળતાને પૃષ્ટિ આપે છે.
- તેના પાયા 'સેન્ડબોક્સ ટેક્નોલોજી' દ્વારા બનાવવામાં આવ્યા છે, જેમાં ફલોર ગ્રેનાઈટ પથ્થરો અને બેસાલ્ટ ખડકોથી બનેલા થાંભલાઓ સાથે છે.
- મંદિરનો નીચલો ભાગ લાલ રેતીના પથ્થરથી બનેલો છે. જ્યારે 'સફેદ ગોપુરમ' પ્રકાશ ઈંટોથી બનેલો છે.

## યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિ

યુનેસ્કોની વર્લ્ડ સમિતિમાં વર્તમાન સમયે કુલ 21 સભ્યો છે.

- અને આ સભ્યોની મુદત 6 વર્ષની હોય છે.
- યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સમિતિ દ્વારા યુનેસ્કોના વર્લ્ડ હેરિટેજ સ્થળોની પંસદગી કરવામાં આવે છે.

નોંધ : (1) કોવિડ-19 મહામારીના કારણે વર્ષ 2020 માટે યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સમિતિની બેઠક થઈ શકી ન હતી. આથી, વર્ષ 2020 અને 2021 માટેના નામાંકનોની ઓનલાઈન બેઠક દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.

(2) ચીન આ સમિતિનું વર્તમાન અધ્યક્ષ છે.

(3) આ પહેલા વર્ષ 2019માં 38મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જયપુરનો સમાવેશ થયો હતો.

(4) વર્લ્ડ હેરિટેજ સાઈટની સંખ્યાની બાબતમાં સમગ્ર વિશ્વમાં ભારત છઠ્ઠા નંબરે છે.

(5) યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામનાર ભારતની પ્રથમ સાઈટ અજંતાની ગુફાઓ (મહારાષ્ટ્ર,1983) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# Gross Environment Product- GEP



તાજેતરમાં ઉત્તરાખંડ સરકારે જાહેરાત કરી છે કે તે તેના કુદરતી સંસાધનોનું મૂલ્યાંકન '<u>ગ્રોસ એન્વાયર્નમેન્ટ પ્રોડક્ટ</u>' (GEP) તરીકે શરૂ કરશે.

- GEP નો અર્થ એ છે કે કુદરતી સંસાધનોમાં વધારાના આધારે સમયે–સમયે પર્યાવરણની સ્થિતિનું મૂલ્યાંકન કરવું.
- તે <u>ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)</u>ને અનુરૂપ છે. GDPએ ગ્રાહકોની આર્થિક પ્રવૃતિઓનું પરિણામ છે. તે ખાનગી વપરાશ, અર્થતંત્રમાં એકંદર રોકાણ, સરકારી રોકાણ, સરકારી ખર્ચ અને ચોખ્ખો વિદેશી વેપાર (નિકાસ અને આયાત વચ્ચેનો તફાવત)નો સરવાળો છે.

## GEP વિશે

GEPનું પૂરું નામ '<u>Gross Environment Product</u>' છે.

- વૈશ્વિક સ્તરે તેમની સ્થાપના વર્ષ <u>1997</u> માં <u>રોબર્ટ કોસ્ટાન્ઝા</u> જેવા ઈકોલોજીકલ અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવી હતી.
- તે ઈકોલોજીકલ સ્થિતિને માપવા માટેની એક મુલ્યાંકન સિસ્ટમ છે.
- તેમને એ ઉત્પાદન અને સેવા મૂલ્યો તરીકે લેવામાં આવે છે જેમાં ઈકોસિસ્ટમ માનવ સુખાકારી અને આર્થિક તથા સામાજિક ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપે છે. જેમાં જોગવાઈ, નિયમન અને સાંસ્કૃતિક ઈકોસિસ્ટમ સેવાઓનો સમાવેશ થાય છે.
- એકંદરે GEP ઉત્પાદનો અને સેવાઓ પ્રદાન કરવામાં ઈકોસિસ્ટમના આર્થિક મૂલ્ય માટે જવાબદાર છે. જે હરિત ઘટકોમાંનો એક છે.
- આ પહેલની તરફ અને શિક્ષણવિદોનું ધ્યાન આકર્ષિત કરવા માટે વર્ષ 1981માં '<u>ઈકોસિસ્ટમ સેવાઓ</u>' શબ્દ રચાયો હતો. તેની વ્યાખ્યા હજી પણ વિકાસની પ્રક્રિયામાં છે.
- જે ઈકોસિસ્ટમને માપિ શકાય તેમાં પ્રાકૃતિક ઈકોસિસ્ટમ જેમ કે જંગલો, ઘાસના મેદાનો, વેટલેન્ડ્સ, રણ, મીઠા પાણી અને સમુદ્રો તથા કુત્રિમ પ્રણાલિઓમાં કૃષિ જમિન, ગોચર, જલીય કૃષિ ખેતરો અને શહેરી લીલોતરી વગેરે જેવી કુદરતિ પ્રક્રિયાનો સમાવેશ થાય છે.
- ઉત્તરાખંડ તેની જૈવવિવિધતા દ્વારા દર વર્ષે <u>રાષ્ટ્રને 95,112 કરોડ રૂપિયા</u>ની સેવા પ્રદાન કરે છે.
- રાજ્યમાં <u>71 ટકા</u>થી વધુ વિસ્તાર <u>જંગલો હેઠળ</u> છે.
- ઈકોસિસ્ટમ સેવાઓ <u>વૈશ્વિક જી.ડી.પી</u> થી લગભગ બમણુ છે. તેથી તે પર્યાવરણના રક્ષણમાં મદદ કરશે અને આબોહવા પરિવર્તન અસરોથી આપણને બચાવવામાં પણ મદદ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# SUNDAY Questions

1. 'ડુબતા લોકોને બચાવવા માટેનો દિવસ' (World Drowing Prevention Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 24 જુલાઈ (B) 25 જુલાઈ (C) 26 જુલાઈ (D) 27 જુલાઈ **(B)**

2. ભારતમાં દર વર્ષે 'ગુરૂપૂર્ણિમા' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) મહા સુદ પૂનમ (B) મહા વદ પૂનમ (C) અષાઢ સુદ પુનમ (D) અષાઢ વદ પૂનમ **(C)**

3. ભારતમાં કઈ પૂનમ 'વ્યાસ પૂર્ણિમા' તરીકે ઓળખાય છે ?

(A) શરદ પૂનમ (B) ચૈત્રી પૂનમ (C) ભાદરવી પૂનમ (D) ગુરૂ પૂનમ **(D)**

4. 'ધમ્મ ચક્ર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) મહા સુદ પૂનમ (B) મહા વદ પૂનમ (C) અષાઢ સુદ પુનમ (D) અષાઢ વદ પૂનમ **(C)**

5. 'રુદ્રેશ્વર મંદિર' અથવા 'રામપ્પા મંદિર'ને ભારતની કેટલામી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) 39 મી (B) 40 મી (C) 41 મી (D) 42 મી **(A)**

6. 'રુદ્રેશ્વર મંદિર' અથવા 'રામપ્પા મંદિર' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) તેલંગાણા (B) કેરળ (C) કર્ણાટક (D) ઓડિશા **(A)**

7. રુદ્રેશ્વર મંદિર અથવા રામપ્પા મંદિર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે તેલંગાણા રાજ્યના મુલુગુ જિલ્લાના પાલમપેટ ખાતે સ્થિત છે.

(B) તેમનું નિર્માણ કાકતીય સામ્રાજ્યના શાસનકાળ દરમિયાન થયું હતું.

(C) આ મંદિરમાં ભગવાન રામલિંગેશ્વરની પૂજા કરવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

8. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે તે તેના કુદરતી સંસાધનનું મૂલ્યાંકન 'ગ્રોસ એન્વાયર્નમેન્ટ પ્રોડક્ટ' (GEP) તરીકે શરૂ કરશે ?

(A) ઉત્તરપ્રદેશ (B) ઉત્તરાખંડ (C) પંજાબ (D) હરિયાણા **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 જુલાઈ, કારગિલ વિજય દિવસ

ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- તેને 'વિજય દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્ષ 1999માં થયેલા કારગિલ યુધ્ધમાં ભારતની સેના દ્વારા 'ઓપરેશન વિજય' હાથ ધરવામાં આવ્યું હતું.
- જેમાં ભારતની સેનાની જીત થઈ હતી.
- અને 26 જુલાઈ, 1999ના રોજ આ યુધ્ધનો અંત આવ્યો હતો.
- આથી, ભારતમાં દર વર્ષે 26 જુલાઈના રોજ 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ અંતર્ગત વર્ષ 2021માં 'કારગિલ વિજય દિવસ'ની 22મી વર્ષગાંઠ ની ઉજવણી કરવામાં આવી છે.

નોંધ : (1) 3 મે, 1999ના રોજ સૌપ્રથમ તાશી નામગ્યાલ નામના ગોવાળે કારગિલમાં પાકિસ્તાનની સેનાએ ઘુસણખોરી કરી હોવાની માહિતી ભારતની સેનાને આપી હતી. ત્યારબાદ આ યુધ્ધની શરૂઆત થઈ હતી.

(2) જેમાં જોજિલાથી તૂરતોક વચ્ચેના દુર્ગમ વિસ્તારોમાં 12,000 ફૂટથી વધુ ઊંચાઈએથી ભારતીય સેનાએ પાકિસ્તાની ઘુસણખોરોને ભગાડી દીધા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સામયિક લેબર ફોર્સ સર્વે 2019-20

તાજેતરમાં નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)એ જુલાઈ 2019 થી જૂન 2020 દરમિયાન હાથ ધરવામાં આવેલા 'સામયિક લેબર ફોર્સ સર્વે' (Pariodoc Labour Force Survey- PLFS) પરનો ત્રીજો વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો છે.

- છેલ્લા બે વર્ષ એટલે કે વર્ષ 2017-18 અને વર્ષ 2018-19ની તુલનામાં વર્ષ 2019-20માં મજૂર સૂચકાંકોમાં સુધારો નોંધાયેલ છે.
- આ રિપોર્ટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 માં બેરોજગારી દર ઘટીને 4.8% થઈ ગયો છે.
- જે વર્ષ 2018-19માં 5.8 અને વર્ષ 2017-18 માં 6.1% હતો.
- આ રિપોર્ટ અનુસાર કામદાર વસતી દર 38.2% પર પહોંચી ગયો છે. જેમાં આગળના અહેવાલો કરતા સુધારો જોવા મળ્યો છે.
- વર્ષ 2018-19માં કામદાર વસતી દર 35.3 અને વર્ષ 2017-18માં 34.7% હતો.
- જ્યારે શ્રમદળ ભાગીદારી ગુણોત્તર અગાઉના બે વર્ષની તુલનામાં ક્રમશ : 37.5% અને 36.9% થી વધીને 40.1 થઈ ગયો છે.
- ડેટાના વિશ્લેષણ અનુસાર વર્ષ 2019-20માં પુરુષ અને સ્ત્રી બંને માટે બેરોજગારીનો દર ઘટીને ક્રમશ : 5.1% અને 4.2% સુધી થયો છે.

## સામયિક લેબર ફોર્સ સર્વે

તે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) દ્વારા વર્ષ 2017માં શરૂ કરાયેલ ભારતનો પ્રથમ કમ્પ્યૂટર આધારિત સર્વે છે.

- શ્રી અમિતાભ કુંડુની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણના આધારે તેની રચના કરવામાં આવી હતી.
- તે આવશ્યકપણે દેશમાં રોજગારની પરિસ્થિતિનો નકશો આપે છે. સાથે સાથે બેરોજગારીના સ્તરો, રોજગારના પ્રકારો અને સંબંધિત સહભાગીઓ, વિવિધ પ્રકારની નોકરીઓમાં મેળવેલું વેતન, તથા કામ કરેલા કલાકોની સંખ્યા જેવા કેટલાક તબક્કાઓ પર ડેટા એકત્રિત કરે છે.
- સામયિક લેબર ફોર્સ સર્વે અગાઉ 'નેશનલ સેમ્પલ સર્વે ઓફિસ (NSSO)' અને 'NSO' તરીકે ઓળખાતુ હતું.
- તેનો મુખ્ય ઉદ્દેશ વર્તમાન સાપ્તાહિક સ્થિતિ (CWS)માં શહેરી વિસ્તારો માટે ત્રણ મહિનાના ટૂંકા ગાળાના અંતરાલમાં મુખ્ય રોજગાર અને બેરોજગારી સૂચકાંકો (એટલે કે મજૂર–વસતી પ્રમાણ, મજૂરબળ ભાગીદારી દર, બેરોજગારી દર) નો અંદાજ કાઢવાનો છે.

નોંધ : (1) બેરોજગારીનો દર મજૂર દળ દ્વારા બેરોજગારીની સંખ્યાને વિભાજિત કરીને ગણવામાં આવે છે.

(2) વેતન, ભરતી અને રોજગારીની શરતોમાં લિંગ આધારિત ભેદભાવ ઘટાડવા સરકારે 'ન્યૂ લેબર કોડ 2019' જેવી પહેલ પણ શરૂ કરી છે.

## પાવર આઈલેન્ડિંગ સિસ્ટમ (Power Islanding Systems)

ભારત સંભવિત વીજળી ગ્રીડ પરના સંભવિત સાયબર અને હેકિંગના હુમલાઓથી ગંભીર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને બચાવવા માટે ઘણા શહેરોમાં 'પાવર આઈલેન્ડિંગ સિસ્ટમ' બનાવવાની યોજના પર વિચાર કરી રહ્યું છે.

- સિલિકોન વેલી તરીકે જાણીતું શહેર બેંગ્લોર અને ભારતની બે સૌથી મોટી ઓઈલ રિફાઈનરી ધરાવતુ શહેર જામનગરમાં પાવર આઈલેન્ડિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે.
- આ સિવાય નવી દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં સ્થાપિત હાલની સિસ્ટમોમાં સુધારો કરવામાં આવશે.
- વર્ષ 2020માં મુંબઈમાં મુખ્ય પાવર આઉટેજ જોવા મળ્યો હતો જેના કારણે શહેરની તમામ પ્રવૃતિઓ અટકી ગઈ હતી.
- નિષ્ણાતોના મતે આ પાવર આઉટેજ સાયબર એટકથી પ્રેરિત હતો.
- આ અગાઉ વર્ષ 2019માં દેશના પરમાણુ ઉર્જા પ્લાન્ટોમાં કમ્પ્યૂટર સિસ્ટમો પર મેલવેર દ્વારા સાયબર એટેક થયાના અહેવાલો આવ્યા હતા.
- પાવર આઈલેન્ડિંગ સિસ્ટમમાં જનરેશન ક્ષમતા હોય છે તે આઉટેજની સ્થિતિમાં મુખ્ય ગ્રીડથી આપમેળે ડિસકનેક્ટ થઈ શકે છે.
- એટલે કે આઈલેન્ડિંગ તે સ્થિતિ છે જેમાં વિતરિત જનરેટર પાવર આપવાનું ચાલુ રાખે છે.

## MONDAY Questions

**1.** ભારતમાં કયો દિવસ 'કારગિલ વિજય દિવસ' ઉજવાય છે ?

(A) 25 જુલાઈ (B) 26 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ **(B)**

**2.** તાજેતરમાં વર્ષ 2021 દરમિયાન 'કારગિલ વિજય દિવસ'ની કેટલામી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 19મી (B) 20મી (C) 21મી (D) 22મી **(D)**

**3.** વર્ષ 1999માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા કારગિલ યુધ્ધમાં ભારતે કયું ઓપરેશન હાથ ધર્યુ હતું ?

(A) ઓપરેશન કારગિલ (B) ઓપરેશન શક્તિ (C) ઓપરેશન વિજય (D) ઓપરેશન શસ્ત્ર **(C)**

**4.** તાજેતરમાં NSO એ 'સામયિક લેબર ફોર્સ સર્વે' પરનો કેટલામો અહેવાલ બહાર પાડ્યો છે ?

(A) પ્રથમ (B) બીજો (C) ત્રીજો (D) ચોથો **(C)**

**5.** 'સામયિક લેબર ફોર્સ સર્વે 2019-20' ના અહેવાલ અનુસાર નાણાકીય વર્ષ 2019-20માં બેરોજગારી દર કેટલો રહ્યો છે ?

(A) 4.8% (B) 6.8% (C) 9.8% (D) 10.8% **(A)**

**6.** 'સામયિક લેબર ફોર્સ સર્વે' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO) દ્વારા વર્ષ 2017માં શરૂ કરાયેલું સર્વે છે.

(B) શ્રી અમિતાભ કુંડુંની અધ્યક્ષતાવાળી સમિતિની ભલામણના આધારે તેની રચના કરવામાં આવી છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

**7.** તાજેતરમાં ભારત સરકાર સંભવિત કયા બે શહેરમાં 'પાવર આઈલેન્ડિંગ સિસ્ટમ' બનાવવાની યોજના છે ?

(A) બેંગ્લોર–જામનગર (B) પુણે–ઈન્દોર (C) અજમેર–ઈન્દોર (D) ભુવનેશ્વર–ચેન્નાઈ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કટલેસ એક્સપ્રેસ કવાયત (Exercise Cutlass Express)

તાજેતરમાં ભારતીય નૌસેનાનું જહાજ 'તલવાર' આફ્રિકાના પૂર્વ કિનારે યોજાયેલી બહુરાષ્ટ્રીય તાલીમ કવાયત 'કટલેસ એક્સપ્રેસ-2021' માં ભાગ લઈ રહ્યું છે.

- આ નૌસેના અભ્યાસ 26 જુલાઈથી 6 ઓગસ્ટ, 2021 સુધી યોજાશે.

### કટલેસ એક્સપ્રેસ કવાયત

તે એક વાર્ષિક દરિયાઈ કવાયત છે જેનો મુખ્ય ઉદ્દેશ પૂર્વ આફ્રિકા અને પશ્ચિમ હિંદ મહાસાગરમાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક દરિયાઈ સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે.

- આ કવાયતની 2021ની આવૃતિમાં 12 આફ્રિકન દેશો, અમેરિકા, યુકે, ભારત અને વિવિધ આંતરરાષ્ટ્રીય સંગઠનો જેમ કે 'આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન' (IMO), 'યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ' (UNODC), 'ઈન્ટરપોલ, 'યુરોપિયન યુનિયન નેવલ ફોર્સ' વગેરે ભાગ લેશે.
- આ કવાયતમાં ભારતીય નૌકાદળ એક પ્રશિક્ષકની ભૂમિકામાં ભાગ લઈ રહી છે.
- ભારતના 'ઈન્ફર્મેશન ફ્યુઝન સેન્ટર– હિન્દમહાસાગર ક્ષેત્ર' (IFC-IOR) પણ આ કવાયતમાં ભાગ લેશે.

### INS તલવાર

INS તલવાર એ ભારતીય નૌકાદળના તલવાર વર્ગના યુધ્ધ જહાજો અથવા ક્રિવક વર્ગના સ્ટીલ્થ જહાજોનું મુખ્ય જહાજ છે.

- મેક ઈન ઈન્ડિયા હેઠળ ગોવા શિપયાર્ડ લિમિટેડ (GSL) દ્વારા રશિયાથી ટેકનોલોજી ટ્રાન્સફર સાથે ક્રિવાક વર્ગ સ્ટીલ્થ શિપ બનાવી રહ્યું છે. તથા યુક્રેન દ્વારા આ જહાજો માટેના એન્જિનો પૂરા પાડવામાં આવી રહ્યા છે.
- ઓક્ટોબર 2016માં ભારત અને રશિયાએ ચાર ક્રિવાક અથવા તલવાર સ્ટીલ્થ ફ્રિગેટ્સ માટે આંતર–સરકારી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.
- પ્રથમ બે યુધ્ધ જહાજો રશિયાના કાલિનિનગ્રાડના યંતર શિપયાર્ડમાં બનાવવામાં આવશે, જ્યારે અન્ય બે યુધ્ધ જહાજો ગોવા શિપયાર્ડ લિમિટેડમાં બનાવવામાં આવશે.
- આ જહાજોનો ઉપયોગ મુખ્યત્વે સબમરીન અને મોટા જહાજોની શોધ અને નાશ જેવા વિવિધ નૌકામિશન કરવા માટે વપરાય છે.

## કંડલા બન્યુ IGBC Green Cities Platinum રેટિંગ હાંસલ કરનાર પ્રથમ SEZ

26 જુલાઈ, 2021ના રોજ કંડલા સેઝ (KASEZ) ને 'IGBC Green Cities Platinum' રેટિંગ થી નવાજવામાં આવ્યું છે.

- કંડલા સેઝ હાલના શહેરો માટે IGBC ગ્રીન સિટીઝ પ્લેટિનમ રેટિંગ પ્રાપ્ત કરનારું પ્રથમ ગ્રીન સેઝ છે.
- શ્રી સત્યદીપ મહાપાત્ર, સંયુક્ત વિકાસ કમિશનર, વાણિજ્ય વિભાગ અને DGFT ના વરિષ્ટ અધિકારીઓની ઉપસ્થિતિમાં KASEZ ટીમને પ્લેક ભેટ આપવામાં આવ્યું હતું.

- KASEZ ટીમ માટે આ એક મોટી ઉપલબ્ધિ હતી અને IGBC ગ્રીન સિટિઝ પ્લેટિનમ રેટિંગ એ '<u>India @75– આઝાદીકા અમૃત મહોત્સવ</u>' અંતર્ગત કલ્પના કરાયેલ પ્રવૃતિઓનો એક ભાગ છે.
- ભારત સરકાર અનેક મંત્રાલયોને સામેલ કરનારા ઉપાયો અને પ્રયાસોની એક શ્રૃંખલાના માધ્યમથી પર્યાવરણીય રીતે ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવાની દિશામાં કામ કરી રહી છે.
- <u>CII</u>ની ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (IGBC) દ્વારા ગ્રીન માસ્ટર પ્લાનિંગ, નિતિગત પહેલ અને ગ્રીન બુનિયાદી માળખાના કાર્યાન્વયન માટે <u>IGBC પ્લેટિનમ રેટિંગ</u> પ્રદાન કરવામાં આવે છે.
- નોંધ : (1) SEZ નું પૂરું નામ '<u>Special Economic Zone</u>' છે.

  (2) વિશેષ આર્થિક ક્ષેત્ર અથવા SEZ એ એક ખાસ વ્યાખ્યાયિત ભૌગલિક ક્ષેત્ર છે જ્યાંથી વેપાર, આર્થિક પ્રવૃતિ ઉત્પાદન અને અન્ય વ્યવસાયિક પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે.

## કંડલા

કંડલા ભારતના <u>13 મહાબંદરોમાંનું</u> એક છે.

- ગુજરાતનું સૌથી મોટું <u>મુક્ત વ્યાપાર ક્ષેત્ર</u> ધરાવતું બંદર છે.
- તેમજ ભારત સરકારે કંડલા બંદરને <u>વર્ષ 1955</u> થી મહાબંદર જાહેર કરેલ છે.
- <u>વર્ષ 1965</u> માં કંડલા ભારતનું સૌપ્રથમ <u>SEZ</u> (સ્પેશિયલ ઈકોનોમિક ઝોન) બન્યુ છે.
- તાજેતરમાં કંડલા બંદરનું નામ બદલીને <u>પંડિત દીનદયાળ બંદર</u> રાખવામાં આવ્યું છે.

## નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, ઉદ્યોગસાહસિકતા અને સંચાલન બિલ, 2021

26 જુલાઈ, 2021ના રોજ '<u>નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી, ઉદ્યોગસાહસિકતા અને સંચાલન બિલ, 2021</u>' લોકસભામાં પસાર કરવામાં આવ્યુ હતું.

- આ ખરડો અથવા બિલ <u>શ્રી પશુપતિ કુમાર પારસ</u> દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.
- શ્રી પશુપતિ કુમાર પારસ <u>ફૂડ પ્રોસેસિંગ</u> અને <u>ઉદ્યોગ મંત્રી</u> છે.
- આ બિલમાં ફૂડ ટેકનોલોજી, સંચાલન અને ઉદ્યમ સંસ્થા માટે વિવિધ જોગવાઈઓ મુકવામાં આવી છે.
- આ બિલ રજૂ કર્યાના ફક્ત <u>8 મિનિટ</u>ના રેકોર્ડ સમયમાં પસાર કરવામાં આવ્યુ હતું.
- આ બિલમાં <u>તંજાવર (તમિલનાડુ)</u> સ્થિત '<u>ભારતીય ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી</u>' અને <u>કુંડલી (હરિયાણા)</u> ખાતેની '<u>રાષ્ટ્રીય અન્ન સંસ્થાનિક ઉદ્યોગ સાહસિકતા અને વ્યવસ્થાપન</u>' ને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર કરવાની પણ માંગ કરવામાં આવી છે.
- નોંધનીય છે કે આ બિલ માર્ચ મહિનામાં રાજ્યસભામાંથી પસાર થયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (સુધારા બિલ), 2021 લોકસભામાંથી પસાર

તાજેતરમાં લોકસભામાં કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા 'ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (સુધારા બિલ), 2021' રજૂ કરવામાં આવ્યું હતું.

- એપ્રિલ, 2021માં 'ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (સુધારા), 2021' વટહુકમ જારી કરીને લાગુ કરી દેવાયુ હતું.
- માર્ચ, 2021માં 'ઈન્સોલ્વન્સી લો કમિટિ' (નાદારી કાયદા સમિતિ)ની પેટા સમિતિએ 'ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (IBC), 2016'ના મુખ્ય માળખામાં પ્રી–પેકેજ માળખાની ભલામણ કરી હતી.
- મહામારીના કારણે દેશના અર્થતંત્ર પર પડેલી આડઅસરોને નિવારવા તથા મંદ પડેલા વેપાર ઉદ્યોગને બહાર લાવવા માટે આ કાયદામાં સુધારા કરવામાં આવ્યા હતા.

### મુખ્ય જોગવાઈઓ

સંકટગ્રસ્ત કોર્પોરેટ દેવાદારો (Distressed Corporate Debtor) ને નવી પધ્ધતિ હેઠળ બાકી દેવાની સમસ્યાને ઉકેલવા માટે તેમના લેણદારોના બે તૃતીયાંશ મંજૂરી સાથે PIRP શરૂ કરવાની મંજૂરી છે.

- કોર્પોરેટ દેવાદાર એવી વ્યક્તિ છે જે બીજા વ્યક્તિને લોન આપે છે.
- જો ઓપરેટર્સ લેણદારો તેમની બાકીની રકમના 100% ચૂકવતા નથી, તો PIRP દ્વારા સંકટગ્રસ્ત કોર્પોરેટ દેવાદારો સ્વિસ ચેલેન્જ (Swiss Challenge) ને પણ મંજૂરી આપે છે.
- સ્વિસ ચેલેન્જ બોલી લગાવવાની એક પધ્ધતિ છે, જેનો વારંવાર જાહેર પ્રોજેક્ટ્સમાં ઉપયોગ થાય છે. જેમાં રસ ધરાવનાર પક્ષ કરાર અથવા પ્રોજેક્ટ માટે બિડિંગ પ્રક્રિયા શરૂ કરે છે.
- આ બિલમાં નાના અને મધ્યમ ઉદ્યોગો તથા ઉદ્યોગપતિઓને પ્રી–પેકેજ સિસ્ટમ હેઠળ દેવાની રકમના સેટેલમેન્ટની વ્યવસ્થા કરાઈ છે જેથી તેઓ મહામારીના સંકટમાંથી બહાર આવી શકે.
- સરકારે સૂચન કર્યુ છે કે પ્રી–પેકેજ રિઝોલ્યુશન પ્રક્રિયા શરૂ કરવા માટે રૂ. 1 કરોડથી વધુ ન હોય તેવા ડિફોલ્ટની મર્યાદા યથાવત છે.
- બિલમાં સુધારાના કારણે નીચે મુજબના લાભ થશે :

(1) કોરોના મહામારીના કારણે દેવાદાર થયેલા ઉદ્યોગો કે કંપનીઓને ડિફોલ્ટ જાહેર કરી શકાશે નહીં કે તેમને કોર્ટમાં લઈ જઈ શકાશે નહીં.

(2) કંપનીના જૂના મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલા આર્થિક અપરાધો નવા ખરીદારોને લાગુ થશે નહીં અને પગલાં પણ લેવાશે નહીં.

(3) વેપાર ઉદ્યોગોના લાઈસન્સ, પરમિટ, અન્ય મંજૂરીઓ અથવા તો રિન્યુઅલ પણ અટકાવવામાં આવશે નહીં જેથી તેની વર્તમાન કામગીરી ચાલુ રહે.

(4) નક્કી કરેલી સમયમર્યાદામાં સેટેલમેન્ટની રકમ પરત કરવાની વ્યવસ્થા ગોઠવાશે જેથી ઉદ્યોગને નુકસાન ન જાય અને બેન્કોનો પણ આર્થિક બોજો ઓછો થાય.

(5) બેંકરપ્સી કોડ હેઠળના પગલાંની લઘુતમ મર્યાદા એક લાખથી વધારીને 1 કરોડ કરવામાં આવી છે.

નોંધ : (1) ઈન્સોલ્વન્સી (નાદારી) : તે એવી પરિસ્થિતિ છે જેમાં કોઈ વ્યક્તિ અથવા કંપની તેના બાકી દેવાની ચૂકવણી કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) બેંકરપ્સી : તે એવી પરિસ્થિતિ છે જ્યારે કોઈ વ્યક્તિ અથવા સંસ્થાને સક્ષમ અદાલત દ્વારા નાદાર જાહેર કરવામાં આવે છે. અને આદલત દ્વારા તેનો ઉકેલ લાવવા અને લેણદારોના અધિકારોનું રક્ષણ કરવા માટે યોગ્ય આદેશ કરવામાં આવ્યો છે. તે કંપની અથવા વ્યક્તિની દેવાની ચૂકવણી કરવામાં અસમર્થતાની કાનૂની ઘોષણા છે.

## PIRP વિશે

**PIRP નું પૂરું નામ '<u>Pre-Pack Insolvency Resolution Process</u>' છે.**

- તે જાહેર બિડિંગ પ્રક્રિયા (બોલી પ્રક્રિયા) ને બદલે સુરક્ષિત લેણદારો અને રોકાણકારો વચ્ચેના કરાર દ્વારા વ્યથિત કંપનીના દેવાને ઉકેલે છે.
- બેંકરપ્સી (નાદારી) કાર્યવાહીની આ પધ્ધતિ <u>બ્રિટન અને યુરોપમાં</u> છેલ્લા એક દાયકામાં નાદારી ઠરાવ માટેની ઝડપથી લોકપ્રિય પધ્ધતિ બની છે.
- તેમનો ઉદ્દેશ મુખ્યત્વે <u>MSME</u>ઓને તેમની જવાબદારીઓનું પુર્નગઠન કરવાની અને તેમને પૂરતી સુરક્ષા પૂરી પાડતી વખતે શરૂ કરવાની તક આપવાનું લક્ષ્ય છે જેથી લેણદારોને ચૂકવણી ટાળવા માટે કંપનીઓ દ્વારા સિસ્ટમનો દુરૂપયોગ ન થાય.



# TUESDAY Questions

1. 'કટલેસ એક્સપ્રેસ કવાયત' કયા સ્થળે યોજાયેલી બહુરાષ્ટ્રીય દરિયાઈ તાલીમ કવાયત છે ?

(A) ઓસ્ટ્રેલિયાના પૂર્વ કિનારે (B) આફ્રિકના પૂર્વ કિનરે

(C) જાપાનના પૂર્વ કિનારે (D) કેનેડાના પૂર્વ કિનારે **(B)**

2. ભારતીય નૌસેનાનું કયું જહાજ 'કટલેસ એક્સપ્રેસ કવાયત–2021' માં ભાગ લઈ રહ્યું છે ?

(A) INS તલવાર (B) INS રણવીર (C) INS શિવાલિક (D) INS ત્રિશુલ **(A)**

3. કયું SEZ (સ્પશિયલ ઈકોનોમિક ઝોન) IGBC ગ્રીન સિટીઝ પ્લેટિનમ રેટિંગ હાંસલ કરનાર પ્રથમ SEZ બન્યું છે ?

(A) કંડલા (B) મુંબઈ (C) ગોવા (D) ચેન્નાઈ **(A)**

4. કયા વર્ષથી કંડલા ભારતનું પ્રથમ SEZ બન્યું છે ?

(A) 1957 (B) 1959 (C) 1965 (D) 1969 **(C)**

5. તાજેતરમાં લોકસભામાંથી પસાર થયેલું 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી, ઉદ્યોગસાહસિકતા અને સંચાલન બિલ, 2021' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ ફૂડ પ્રોસેસિંગ અને ઉદ્યોગ મંત્રી શ્રી પશુપતિ કુમાર પારસ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.
2. આ બિલમાં ફૂડ ટેકનોલોજી, સંચાલન અને ઉદ્યમ સંસ્થાઓ માટે વિવિધ જોગવાઈઓ મુકવામાં આવી છે.
3. આ બિલમાં તમિલનાડુના તંજાવર સ્થિત 'ભારતીય ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી'ને રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.
4. આ બિલમાં હરિયાણાના કુંડલી ખાતેની 'રાષ્ટ્રીય અન્ન સંસ્થાનિક ઉદ્યોગ સાહસિકતા અને વ્યવસ્થાપન'ને પણ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

6. 'ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ (સુધારા બિલ), 2021' તાજેતરમાં લોકસભામાંથી પસાર થયું હતું. આ બિલ કોણે રજૂ કર્યુ હતું ?

(A) શ્રીમતિ સ્મૃતિ ઈરાની (B) શ્રીમતિ નિર્મલા સિતારામન

(C) શ્રી પિયુષ ગોયલ (D) શ્રી પશુપતિ કુમાર પારસ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# દિવસ મહિમા : 28 જુલાઈ (1) વિશ્વ હેપેટાઈટિસ દિવસ (World Hepatitis Day) (2) વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ

## વિશ્વ હેપેટાઈટિસ દિવસ

સમગ્ર વિશ્વમાં હેપેટાઈટિસની બીમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે 28 જુલાઈના રોજ 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2021 ની વિશ્વ હેપેટાઈટિસ દિવસની થીમ '**Hepatitis Can't Wait**' છે.
- હેપેટાઈટિસ એ લિવરના ઈન્ફેકશન સાથે સંકળાયેલી બીમારી છે.

## વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ

દર વર્ષે 28 જુલાઈના રોજ વિશ્વના વિવિધ દેશોમાં 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ વિશ્વને સ્વસ્થ રાખવા પર્યાવરણ અને કુદરતી સંસાધનોની જાળવણી કરવાની જરૂરિયાત વિશે જાગૃતિ લાવવાનો છે.
- લુપ્ત થવાની આરે છોડ અને પ્રાણીઓને બચાવવું એ વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસનું પ્રાથમિક લક્ષ્ય છે.
- આ દિવસે પ્રકૃતિના વિવિધ ઘટકો અખંડ રાખવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.
- તેમા વનસ્પતિ અને પ્રાણિસૃષ્ટિ, ઉર્જા સંસાધનો, જમીન, પાણી અને હવા વગેરેનો સમાવેશ થાય છે.
- પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે.
- ગ્લોબલ વોર્મિંગ, મહામારીઓ, કુદરતિ આપત્તિઓ, તાપમાનમાં વધારો વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન ઉત્પન્ન થવાના કારણે જ થાય છે.

# સુશ્રી પ્રિયા મલિકને 'વર્લ્ડ કેડેટ કુસ્તી ચેમ્પિયનશિપ'માં ગોલ્ડ મેડલ



ભારતના સુશ્રી પ્રિયા મલિકે હંગેરીમાં યોજાયેલી 'વર્લ્ડ કેડેટ રેસલિંગ ચેમ્પિયનશિપ'માં કુસ્તીમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.

- તેમણે મહિલાઓની 73 કિગ્રા વજનની કેટેગરીમાં આ મેડલ જીત્યો છે.
- સુશ્રી પ્રિયા મલિકે મહિલાઓની 73 કિગ્રા કેટેગરીની ફાઈનલમાં હંગેરીની સુશ્રી સેનિયા પટાપોવિચને હરાવીને આ ગોલ્ડ મેડલ જીત્યો છે.
- વર્ષ 2019માં પુણેમાં યોજાયેલી ખેલો ઈન્ડિયા ગેમ્સમાં પણ તેણે ગોલ્ડ મેડલ જીત્યો હતો.
- નોંધનીય છે કે ભારતે આ વર્લ્ડ કેડેટ કુસ્તી ચેમ્પિયનશિપમાં 5 ગોલ્ડ સહિત 13 મેડલ જીત્યા છે.
- કેડેટ વર્લ્ડ ચેમ્પિયનશિપ ફ્રીસ્ટાઈલ, ગ્રીકો–રોમન અને મહિલા રેસલરો માટેનું એક વાર્ષિક આયોજન છે.
- વિશ્વના સર્વશ્રેષ્ઠ ખેલાડી જેમની ઉંમર 16 અને 17 વર્ષ છે તે આ ટુર્નામેન્ટમાં ભાગ લે છે.
- આ ટુર્નામેન્ટનું આયોજન હંગેરીના બુડાપેસ્ટમાં કરવામાં આવ્યું હતું.
- આગામી ટુર્નામેન્ટ વર્ષ 2022માં ઈટાલીના રોમમાં યોજાશે.

## ભારતની 40મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે ધોળાવીરાનો સમાવેશ



તાજેતરમાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમાં 'ધોળાવીરા'નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સામેલ થનાર ધોળાવીરા ભારતની 40મી સાઈટ છે.
- ચીનના ફુઝોઉ ખાતે યોજાયેલા વર્લ્ડ હેરિટેજ સાઈટ સમિતિના 44માં સત્રમાં આ સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.
- આ ઉપરાંત આ સત્રમાં જ 25 જુલાઈના રોજ રુદ્રેશ્વર (રામપ્પા) મંદિરને ભારતની 39મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે સમાવેશ કર્યો હતો.
- આ સફળ નામાંકન સાથે ભારત હવે વર્લ્ડ હેરિટેજ સાઈટ શિલાલેખ માટે સુપર–40 કલબ (Super-40 Club for World Heritage Site Inscriptions) માં પ્રવેશ કર્યો છે.
- ભારત સિવાય ઈટાલી, સ્પેન, જર્મની, ચીન અને ફ્રાન્સમાં 40 કે તેથી વધુ વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ છે.

### ધોળાવીરા

ધોળાવીરા સિંધુ સંસ્કૃતિનું પાંચમાં નંબરનું અને ગુજરાતનું પ્રથમ ક્રમનું સૌથી મોટુ નગર છે.

- ધોળાવીરા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખદીરબેટ ખાતે આવેલ છે. જેને સ્થાનિક લોકો 'કોટડાટીંબા' તરીકે ઓળખે છે.
- ધોળાવીરા લૂણી નદીના કિનારે આવેલું છે. તે અંદાજિત 100 હેક્ટરના ક્ષેત્રમાં ફેલાયેલું છે.
- ઈ.સ. 1967-68માં શ્રી જે.પી.જોષી દ્વારા ખોદકામ કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ શ્રી શંભુદાન ગઢવીને પણ અહીંથી કેટલાક અવશેષો મળ્યા હતા.
- સૌપ્રથમ ઉત્ખનન વર્ષ 1967માં શ્રી જે.પી.જોષી દ્વારા ત્યારબાદ વર્ષ 1990-91 માં શ્રી આર.એસ.બિષ્ટ દ્વારા આ વિસ્તારનું ઉત્ખનન કરાયું હતું.
- ધોળાવીરામાં ઉત્ખનન દરમિયાન ત્રણ ભાગમાં વહેંચાયેલુ સિંધુ સંસ્કૃતિનું એક વિશાળ નગર પ્રાપ્ત થયું હતું : (1) દુર્ગ, (2) મધ્ય નગર અને (3) નીચલુ નગર
- ધોળાવીરાનો વિસ્તાર 771 મીટર પૂર્વ–પશ્ચિમ અને 617 મીટર ઉત્તર–દક્ષિણ છે.
- આ નગરની વિશેષતા તેની કિલ્લેબંધી છે. અહીં મુખ્ય મહેલને ખૂબ જ મજબૂત કિલ્લાથી સુરક્ષિત કરવામાં આવ્યો છે.
- આજથી 5000 પૂર્વે પણ કચ્છનું આ નગર દુશ્મનોથી સાવધ હશે, તે આ નગર પરથી જાણી શકાય છે.
- ધોળાવીરાના મહેલના ચારેય દરવાજા કોતરણી વાળા પથ્થરના બનેલા છે. આ પ્રકારનું સ્થાપત્ય બીજે કયાંય જોવા મળતું નથી.
- ધોળાવીરામાંથી મળી આવેલ એક વિશાળ સાઈનબોર્ડ રસપ્રદ છે. જેના પર સિંધુ લિપિમાં અક્ષરો લખાયા છે. આ બોર્ડ પર લુગ્દી જેવા પદાર્થો વડે સફેદ રંગના 10 અક્ષરો કે સંજ્ઞાઓ છે જેની લિપિ આજ સુધી વણઉકેયાલી છે.
- અહીંથી વરસાદી પાણીના પ્રબંધ એટલે કે 'રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ' મળી આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- મહેલમાં એક મોટો ટાંકો (હોજ) છે. જેમાં વિશાળ ગરનાળા અથવા નિકો દ્વારા નદીનું પાણી લાવવાની વ્યવસ્થા હતી.
- આ ગરનાળુ ભૂર્ગભમાં હોવાથી અને કિલ્લાબંધ હોવા છતાં પણ તેમાં પાણીઓ પ્રવાહ ચાલુ રહેતો. જે જળનિકાસ પ્રણાલીની સુદઢ ટેકનોલોજીના જાણકાર હોવાની સાબિતી આપે છે.
- ધોળાવીરાનું વિશાળ સ્નાનાગર અને ગટરવ્યવસ્થા તેની વિશેષતા છે.
- ધોળાવીરામાં નગર આયોજન સંરક્ષણની દષ્ટિએ ચારે દિશાએ નગરના ચાર દરવાજા હતા.

## ધોળાવીરામાંથી મળી આવેલ મુખ્ય અવશેષો

- રમત ગમતનું સ્ટેડિયમ, 10 અક્ષરોનું સાઈન બોર્ડ (વિશ્વનું સૌથી જૂનું સાઈન બોર્ડ), સ્નાનાગર, ધાતુ ગાળવાની ભઠ્ઠી, કૃત્રિમ જળાશય (ડેમ), ધાતુની બંગડી, મણકાં, સોનાના ઘરેણા

## ભારતના વિશ્વ ધરોહરમાં સમાવિષ્ટ સ્થળો

ભારતમાં કુલ 40 વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. જેમાં 32 સાંસ્કૃતિક, 7 કુદરતી અને એક મિશ્ર સાઈટનો સમાવેશ થાય છે.

### સાંસ્કૃતિક

| સ્થળ | વર્ષ | રાજ્ય |
|---|---|---|
| તાજમહેલ | 1983 | ઉત્તરપ્રદેશ |
| આગ્રાનો કિલ્લો | 1983 | ઉત્તરપ્રદેશ |
| ઈલોરાની ગુફા | 1983 | મહારાષ્ટ્ર |
| અજંતાની ગુફા | 1983 | મહારાષ્ટ્ર |
| મહાબલીપુરમના સ્મારક | 1984 | તમિલનાડુ |
| સૂર્યમંદિર–કોર્ણાક | 1984 | તમિલનાડુ |
| ખજુરાહોના મંદિર | 1986 | મધ્યપ્રદેશ |
| ફતેહપુર સિક્રી | 1986 | ઉત્તરપ્રદેશ |
| ગોવાના ચર્ચ | 1986 | ગોવા |
| હમ્પી અવશેષ | 1986 | કર્ણાટક |
| ચોલમંદિર | 1987 | તમિલનાડુ |
| એલિફન્ટાની ગુફા | 1987 | મહારાષ્ટ્ર |
| પટ્ટદકલનું સ્મારક | 1987 | કર્ણાટક |
| સાંચીનો સ્તૂપ | 1989 | મધ્યપ્રદેશ |
| કુતુબમિનાર | 1993 | દિલ્હી |
| હુમાયુનો મકબરો | 1993 | દિલ્હી |
| માઉન્ટેન રેલ્વે (1) દાર્જીલિંગ, (2) નીલગિરી, (3) કાલકા–શિમલા | 1999 | તમિલનાડુ હિમાચલપ્રદેશ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| • | મહાબોધિ મંદિર | 2002 | બિહાર |
| • | ભીમબેટકાની ગુફા | 2003 | મધ્યપ્રદેશ |
| • | છત્રપતિ શિવાજી ટર્મિનલ | 2004 | મહારાષ્ટ્ર |
| • | ચાંપાનેર–પાવાગઢ | 2004 | ગુજરાત |
| • | લાલ કિલ્લો | 2001 | દિલ્હી |
| • | જંતર–મંતર | 2010 | રાજસ્થાન |
| • | હિલકોર્ટ ઓફ રાજસ્થાન | 2013 | રાજસ્થાન |
| • | રાણીની વાવ | 2014 | ગુજરાત |
| • | લી કાંબુસીયર સ્થાપત્ય કાર્ય | 2016 | ચંદીગઢ |
| • | નાલંદા વિદ્યાપીઠ | 2016 | બિહાર |
| • | ઐતિહાસિક શહેર અમદાવાદ | 2017 | ગુજરાત |
| • | વિક્ટોરીયન ગોથિક સ્થળો | 2018 | મહારાષ્ટ્ર |
| • | જયપુર | 2019 | રાજસ્થાન |
| • | રુદ્રેશ્વર (રામપ્પા) મંદિર | 2021 | તેલંગાણા |
| • | ધોળાવીરા (એક હડપ્પન શહેર) | 2021 | ગુજરાત |

## કુદરતી

| | | | |
|---|---|---|---|
| • | કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન | 1985 | આસામ |
| • | માનસ રાષ્ટ્રીય ઉદ્યાન | 1985 | આસામ |
| • | કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન | 1985 | રાજસ્થાન |
| • | સુંદરવન રાષ્ટ્રીય ઉદ્યાન | 1987 | પ.બંગાળ |
| • | નંદાદેવી રાષ્ટ્રીય ઉદ્યાન અને ફૂલોની ઘાટી | 1988 | ઉત્તરાખંડ |
| • | પશ્ચિમ ઘાટ | 2012 | મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરળ, તમિલનાડુ |
| • | ગ્રેટ હિમાલયન રાષ્ટ્રીય ઉદ્યાન | 2014 | હિમાચલ પ્રદેશ |

## મિશ્ર (સાંસ્કૃતિક + કુદરતી)

| | | | |
|---|---|---|---|
| • | કાંચનઝંઘા રાષ્ટ્રીય ઉદ્યાન | 2016 | સિક્કિમ |

## ભારતની 40 વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સમાવેશ પામેલી ગુજરાતની ચાર સાઈટો

| ક્રમ | સાઈટ | ક્યારે સમાવેશ | કયા ક્રમે સમાવેશ | સ્થળ |
|---|---|---|---|---|
| (1) | ચાંપાનેર–પાવાગઢ | 2004 | 26મા | જિલ્લો પંચમહાલ |
| (2) | રાણકીવાવ | 2014 | 31મા | પાટણ |
| (3) | ઐતિહાસિક શહેર અમદાવાદ | 2017 | 36મા | અમદાવાદ |
| (4) | ધોળાવીરા : એક હડપ્પન શહેર | 2021 | 40મા | કચ્છ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# નેવિગેશન માટે દરિયાઈ સહાયતા બિલ, 2021

તાજેતરમાં સંસદે 'નેવિગેશન માટે દરિયાઈ સહાયતા બિલ, 2021' પસાર કર્યુ છે.

- આ બિલ અથવા ખરડો 'લાઈટહાઉસ એક્ટ, 1927'ને રદ કરશે અને તેના સ્થાને આવશે.

## બિલની મુખ્ય જોગવાઈઓ

(1) મુખ્ય ઉદ્દેશો :

- વૈશ્વિક શ્રેષ્ઠ પ્રયાસો અને તકનીકી વિકાસનો સમાવેશ કરવો.
- નેવિગેશન માટે દરિયાઈ સહાયતા ક્ષેત્રે ભારતની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓને સમાયોજિત કરવી.
- કાયદાકીય માળખાને વપરાશકર્તા માટે અનુકૂળ બનાવવું.
- વ્યાપકતા અને સુલભતાને પ્રોત્સાહન આપવું.

(2) કાયદાનો વ્યાપ : આ બિલ સમગ્ર ભારતને લાગુ પડે છે જેમાં પ્રાદેશિક જળ, ખંડીય છાજલી અને વિશિષ્ટ આર્થિક ઝોનનો સમાવેશ થાય છે.

(3) વ્યાખ્યાયિત સિસ્ટમ :

- તે 'નેવિગેશન સપોર્ટ'ને એક ઉપકરણ, સિસ્ટમ અથવા સેવા તરીકે વ્યાખ્યાયિત કરે છે જે જહાજોનું બાહ્ય સ્વરૂપ, વ્યક્તિગત જહાજો અને જહાજ ટ્રાફિકના સલામત અને કાર્યક્ષમ નેવિગેશનને પ્રોત્સાહન આપવા માટે ડિઝાઈન અને સંચાલિત છે.
- જહાજ સેવા અથવા શિપિંગ સેવાનો અર્થ એ છે કે પરિવહનની સલામતિ અને કાર્યક્ષમતામાં સુધારો કરવા અને પર્યાવરણને સુરક્ષિત કરવાના હેતુથી કાયદા હેઠળ લાગુ કરવામાં આવેલી સેવા.

(4) સંસ્થાકિય સિસ્ટમ :

- આ બિલમાં જોગવાઈ છે કે કેન્દ્ર સરકાર ડિરેક્ટર જનરલની નિમણૂક કરશે, જે નેવિગેશનમાં સહાયને લગતી બાબતો પર કેન્દ્ર સરકારને સલાહ આપશે. તેમાં જિલ્લા કક્ષાએ ડેપ્યુટી ડિરેક્ટર જનરલ અને ડિરેક્ટરની નિમણૂકની પણ જોગવાઈ છે.

(5) હેરિટેજ લાઈટ હાઉસ :

- આ બિલ કેન્દ્ર સરકારને તેના નિયંત્રણ હેઠળ નેવિગેશન માટે કોઈપણ સહાયને 'હેરિટેજ લાઈટ હાઉસ' તરીકે નિયુક્ત કરવાની સત્તા આપે છે.

## લાભ

- આ બિલમાં શિપિંગ સેવાઓ અને દરિયાઈ નેવિગેશનમાં ભાવિ વિકાસ સાથે સંબંધિત બાબતો માટે નેવિગેશન અને બહેતર કાનૂની માળખુ શામેલ છે.
- શિક્ષણ, સંસ્કૃતિ અને પર્યટનના હેતુ માટે દીવાદાંડીનો વિકાસ કરવામાં આવશે જે પ્રવાસન ક્ષમતાનો ઉપયોગ કરીને દરિયાકાંઠાના વિસ્તારોની અર્થવ્યવસ્થામાં ફાળો આપશે.
- આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ શિપિંગ સેવાઓના સંચાલકો માટે 'એઈડ ટુ નેવિગેશન' તથા તાલિમ અને પ્રમાણપત્ર દ્વારા કૌશલ્ય વિકાસ થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


# IPS અધિકારી શ્રી રાકેશ અસ્થાનાની દિલ્હી પોલીસ કમિશનર તરીકે નિમણૂક



27 જુલાઈ, 2021ના રોજ IPS અધિકારી શ્રી રાકેશ અસ્થાનાને દિલ્હી પોલીસ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે.

- શ્રી રાકેશ અસ્થાના બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના ડાયરેક્ટર જનરલ તરીકે 31 જુલાઈના રોજ નિવૃત થયા છે.
- કેબિનેટની નિયુક્તિ સમિતિ (ACC) એ શ્રી રાકેશ અસ્થાનાની સેવાને તેમની નિવૃત્તિની તારીખથી એક વર્ષ માટે લંબાવી છે.
- શ્રી રાકેશ અસ્થાના 1984 બેચના ગુજરાત કેડરના IPS અધિકારી છે.
- તેમણે BSF ડાયરેક્ટર જનરલ તરીકે પણ સેવા આપી છે.
- તેઓ અગાઉ નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરો (BCAS) અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)નું નેતૃત્વ પણ કરી ચૂક્યા છે.
- તેમણે CBI માં સ્પેશિયલ ડિરેક્ટર પદ પણ સંભાળ્યું હતું.
- આ ઉપરાંત તેઓ ગુજરાતમાં સુરત પોલીસ કમિશનર તરીકે પણ રહી ચૂક્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# WEDNESDAY Questions

1. 'વિશ્વ હેપેટાઈટિસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 જુલાઈ (B) 27 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ (C)

2. વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 26 જુલાઈ (B) 27 જુલાઈ (C) 28 જુલાઈ (D) 29 જુલાઈ (C)

3. તાજેતરમાં સુશ્રી પ્રિયા મલિકે 'વર્લ્ડ કેડેટ કુશ્તી ચેમ્પિયનશિપ'માં કઈ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો છે ?
(A) 73 કિગ્રા (B) 66 કિગ્રા (C) 58 કિગ્રા (D) 52 કિગ્રા (A)

4. તાજેતરમાં ભારતની 40 મી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે કયા સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) લોથલ (B) ધોળાવીરા (C) રોપડ (D) રામપ્પન (B)

5. ગુજરાતમાં કુલ કેટલી વર્લ્ડ હેરિટેજ સાઈટ આવેલી છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) 6 (C)

6. ધોળાવીરા કયા જિલ્લામાં સ્થિત છે ?
(A) અમદાવાદ (B) કચ્છ (C) ભાવનગર (D) પાટણ (B)

7. ધોળાવીરા કઈ નદીના કિનારે આવેલું છે ?
(A) લૂણી (B) રંગમતિ (C) ખારી (D) ભૂખી (A)

8. સિંધુ સંસ્કૃતિના કયા સ્થળેથી વિશ્વનું સૌથી જૂનું 10 અક્ષરનું સાઈન બોર્ડ મળી આવ્યું છે ?
(A) લોથલ (B) રોપડ (C) રંગપુર (D) ધોળાવીરા (D)

9. તાજેતરમાં સંસદમાં 'નેવિગેશન માટે દરિયાઈ સહાયતા બિલ, 2021' પસાર કરવામાં આવ્યું તે કયા બિલ અથવા અધિનિયમનું સ્થાન લેશે ?
(A) લાઈટ હાઉસ એક્ટ, 1927 (B) લાઈટ હાઉસ એક્ટ, 1921
(C) લાઈટ હાઉસ એક્ટ, 1917 (D) લાઈટ હાઉસ એક્ટ, 1911 (A)

10. ગુજરાત કેડરના કયા IPS અધિકારીની દિલ્હી પોલીસ કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી પી.સી.ઠાકુર (B) શ્રી એસ.પી.સિંઘ
(C) શ્રી રાકેશ અસ્થાના (D) શ્રી પ્રમોદ કુમાર (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 29 જુલાઈ, આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ

સમગ્ર વિશ્વમાં વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 જુલાઈના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2010માં રશિયાના સેન્ટ પિટર્સબર્ગ નામના શહેરમાં યોજાયેલી 'Tiger Summit'માં આ દિવસની ઉજવણીનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

### All India Tiger Estimation Report 2018

આ અગાઉ 20 જુલાઈ, 2019ના રોજ 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' નિમિત્તે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હી ખાતેથી 'All India Tiger Estimation Report 2018' રજૂ કર્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર ભારતમાં વાઘની સંખ્યા 2,697 અથવા તો 3000 છે.
- આ રિપોર્ટ અનુસાર ભારતના રાજ્યોમાં સૌથી વધુ વાઘ મધ્યપ્રદેશમાં છે.
- જ્યારે મધ્યપ્રદેશ બાદ કર્ણાટક બીજા અને ઉત્તરાખંડ ત્રીજા ક્રમે છે.

### આ રિપોર્ટ અનુસાર ભારતના વિવિધ રાજ્યોમાં વાઘની સંખ્યા

| ક્રમ | રાજ્ય | વાઘની સંખ્યા |
|---|---|---|
| 1 | મધ્યપ્રદેશ | 526 |
| 2 | કર્ણાટક | 524 |
| 3 | ઉત્તરાખંડ | 442 |
| 4 | મહારાષ્ટ્ર | 312 |
| 5 | તમિલનાડુ | 264 |

- ભારતમાં વર્ષ 2006, 2010 અને 2014 બાદ વર્ષ 2018માં વાઘની ચોથી વખત વસતી ગણતરી કરવામાં આવી હતી.

### ભારતમાં વાઘની સંખ્યા

ભારતમાં વર્ષ 2014માં વાઘની સંખ્યા 2226 હતી.

- જે વધીને વર્ષ 2018માં 2967 અથવા તો અંદાજે 3000 જેટલી થઈ ગઈ છે.
- આથી, વર્ષ 2014 બાદ ભારતમાં વાઘની સંખ્યામાં 33%નો વધારો થયો છે.
- વર્તમાન દેશના કુલ રાજ્યોમાંથી 18 રાજ્યોમાં 51 વાઘ સંરક્ષણ ઉદ્યાન છે.
- ભારતમાં વર્ષ 2018માં વાઘની વાસ્તવિક સંખ્યા 2603 થી 3346 સુધી હોવાની સંભાવના છે. આથી અંદાજિત 3000 સંખ્યા રજૂ કરવામાં આવી છે.

નોંધ : રાજસ્થાનનું 'રામગઢ વિશ્વધારી અભ્યારણ' ભારતનું 52મું વાઘ સંરક્ષણ અભ્યારણ્ય હશે. જેની NTCA દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં વાઘની સંખ્યા

| ક્રમ | વર્ષ | અંદાજિત સંખ્યા |
|---|---|---|
| 1 | 2006 | 1411 |
| 2 | 2010 | 1706 |
| 3 | 2014 | 2226 |
| 4 | 2018 | 2967 અથવા 3000 |

- નોંધ : (1) વર્ષ 2010માં સેંટ પિટર્સબર્ગ સંમેલનમાં 2022 સુધીમાં વાઘોની સંખ્યા બમણી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું હતું. જે ભારતે વર્ષ 2018માં જ પૂરું કરી દીધું હતું.

  (2) ભારતના મધ્યપ્રદેશ રાજ્યને 'ટાઈગર સ્ટેટ'ના નામથી ઓળખવામાં આવે છે.

  (3) શ્રી કૈલાસ સાંખલ ને ટાઈગર મેન ઓફ ઈન્ડિયા ના નામથી ઓળખવામાં આવે છે.

  (4) ભારતમાં 14 વાઘ આરક્ષિત ક્ષેત્રને વૈશ્વિક સંરક્ષણ ધોરણો (CA/TS) દ્વારા માન્યતા આપવામાં આવી છે.

  (5) CA/TS વિશ્વની વાઘની વસતીના સંચાલન માટે શ્રેષ્ઠ ધોરણો અને પ્રથાઓ નક્કી કરે છે.

## શ્રી બસવરાજ બોમ્માઈ (Basavaraj Bommai) કર્ણાટકના 23મા મુખ્યમંત્રી

ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી બસવરાજ બોમ્માઈએ 28 જુલાઈ, 2021ના રોજ કર્ણાટકના 23મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે.

- કર્ણાટકના રાજ્યપાલ શ્રી થાવરચંદ ગેહલોતે શ્રી બસવરાજ બોમ્મઈને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવ્યા હતા.
- નોંધનીય છે કે કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી શ્રી બી.એસ. યેદિયુરપ્પાએ થોડા દિવસ પહેલા મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું.
- આ અગાઉ તેઓ કર્ણાટકના ગૃહમંત્રી તરીકે કાર્યરત હતા.
- વર્ષ 2008માં તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.
- શ્રી બસવરાજ બોમ્માઈ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી શ્રી એસ.આર.બોમ્માઈના પુત્ર છે.

## NEETનો ઓલ ઈન્ડિયા ક્વોટા

તાજેતરમાં કેન્દ્ર સરકારે ચાલુ શૈક્ષણિક વર્ષથી અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસક્રમો માટેની ઓલ ઈન્ડિયા ક્વોટા યોજનામાં પછાત વર્ગ (OBC) માટે 27 ટકા અને આર્થિક રીતે પછાત વર્ગો (EWS) માટે 10% બેઠકો અનામત રાખવાની જાહેરાત કરી છે.

- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## વર્તમાન ઓલ ઇન્ડિયા ક્વોટામાં કેટલી અનામત

| વર્ગ | કેટલા ટકા અનામત મળે છે. |
|---|---|
| SC (અનુસૂચિત જાતિ) | 15% |
| ST (અનુસૂચિત જનજાતિ) | 7.5% |
| OBC (અન્ય પછાતવર્ગ) | 27% |
| EWS (આર્થિક રીતે પછાતવર્ગ) | 10% |

## ઓલ ઇન્ડિયા કોવાટા (AIQ) યોજના વિશે

ઓલ ઈન્ડિયા ક્વોટા (AIQ) યોજના વર્ષ 1986માં સુપ્રીમ કોર્ટના નિર્દેશો હેઠળ રજૂ કરવામાં આવી હતી. જેથી કોઈપણ રાજ્યના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યમાં આવેલી મેડિકલ કોલેજમાં અભ્યાસ કરવા ઈચ્છતા હોય તો તેમને ડોમિસાઈલ મુક્ત અને મેરિટ આધારિત તક આપવામાં આવશે.

- જેમાં સરકારી મેડિકલ કોલજોમાં UG બેઠકોનો 15% અને PG બેઠકોનો 50% ક્વોટા સામેલ છે.
- જ્યારે રાજ્યની મેડિકલ/ડેન્ટલ કોલેજોમાં બેઠકોનો બાકીનો ભાગ તેમના સંબંધિત રાજ્યોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે અનામત છે.
- જાન્યુઆરી, 2007માં અભયનાથ વિરુધ્ધ દિલ્હી યુનિવર્સિટી અને અન્ય કેસમાં સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો હતો કે અનુસૂચિત જાતિ માટે 15% અને અનુસૂચિત જનજાતિ માટે 7.5% અનામત ઓલ ઈન્ડિયા ક્વોટામાં સમાવવામાં આવે.
- નોંધનીય છે કે વર્ષ 2007 સુધી મેડિકલ એડમિશન માટે ઓલ ઈન્ડિયા ક્વોટામાં કોઈ અનામત લાગુ કરવામાં આવી ન હતી.
- જ્યારે કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં (પ્રવેશ અનામત) અધિનિયમ વર્ષ 2007માં અમલમાં આવ્યો હતો ત્યારે તેમણે OBC ને સમાન 27% અનામત પ્રદાન કર્યું હતું. ત્યારે આ યોજના તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં લાગુ કરવામાં આવી હતી.
- જોકે તેને રાજ્યની મેડિકલ અને ડેન્ટલ કોલેજોની AIQ બેઠકો સુધી લંબાવવામાં આવી ન હતી.
- 103 મો બંધારણીય સુધારો અધિનિયમ, 2019 હેઠળ 10% EWS ક્વોટા કેન્દ્રીય શૈક્ષણિક સંસ્થાઓમાં લાગુ કરવામાં આવ્યો છે. પરંતુ રાજ્યની સંસ્થાઓ માટે NEET AIQમાં અમલ કરવામાં આવ્યો ન હતો.
- હવે આ નિર્ણય પછી મેડિકલ કોલેજોમાં AIQની અંદર ચાલુ શૈક્ષણિક OBC અને EWS કેટેગરી માટે અનામત આપવામાં આવશે.

## NEET

NEETનું પૂરું નામ 'National Eligibility-Cum-Entrance Test' છે.

- રાષ્ટ્રીય પાત્રતા–કમ–પ્રવેશ–પરીક્ષા (NEET)એ દેશના તમામ અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક મેડિકલ અને ડેન્ટલ કોર્સમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા છે.
- આ પરીક્ષા 'રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી' (National Testing Agency- NTA) દ્વારા યોજવામાં આવે છે.
- વર્ષ 2016 સુધી 'ઓલ ઈન્ડિયા પ્રિ–મેડિકલ ટેસ્ટ' (AIPMT) મેડિકલ કોલેજો માટે રાષ્ટ્રીય કક્ષાની પ્રવેશ પરીક્ષા હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 27 જુલાઈ (B) 28 જુલાઈ (C) 29 જુલાઈ (D) 30 જુલાઈ **(C)**

2. વર્ષ 2008માં થયેલી ગણતરી અનુસાર ભારતમાં વાઘની સંખ્યા કેટલી છે ?

(A) 1967 અથવા 2000 (B) 2967 અથવા 3000

(C) 3967 અથવા 4000 (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

3. વર્ષ 2018 માં થયેલી ચોથી વાઘની ગણતરી અનુસાર ભારતના કયા રાજ્યમાં વાઘની સંખ્યા સૌથી વધારે છે ?

(A) મધ્યપ્રદેશ (B) કર્ણાટક (C) ઉત્તરાખંડ (D) મહારાષ્ટ્ર **(A)**

4. શ્રી બસવરાજ બોમાઈએ તાજેતરમાં કયા રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ લીધા છે ?

(A) કર્ણાટક (B) કેરળ (C) તમિલનાડુ (D) આંધ્રપ્રદેશ **(A)**

5. તાજેતરમાં અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ અને ડેન્ટલ અભ્યાસ ક્રમો માટેની ઓલ ઈન્ડિયા ક્વોટા (AIQ) યોજનામાં OBC માટે ____ અને EWS _____ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

(A) 15%, 28% (B) 10%, 29% (C) 27%, 10% (D) 27%, 23% **(C)**

6. ઓલ ઈન્ડિયા ક્વોટા (AIQ) યોજના વર્ષ _____ માં સુપ્રીમ કોર્ટના નિર્દેશ હેઠળ રજૂ કરવામાં આવી હતી.

(A) 1982 (B) 1986 (C) 1997 (D) 1999 **(B)**

7. NEET સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તેનું પૂરું નામ 'national Eligibility-Cum-Entrance Test' છે.

(B) તે દેશના તમામ અંડર ગ્રેજ્યુએટ અને અનુસ્નાતક મેડિકલ અને ડેન્ટલ કોર્સમાં પ્રવેશ માટેની પરીક્ષા છે.

(C) આ પરીક્ષા રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી NTA દ્વારા યોજવામાં આવે છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


## દિવસ મહિમા : 30 જુલાઈ, માનવ તસ્કરી વિરુધ્ધ વિશ્વ દિવસ (World Day Against Trafficking in Persons)

## આત્મીયતાના સર્જક - સુહૃદય સમ્રાટ પુજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજી મહારાજ 88 વર્ષની વયે જીવનલીલા સંકેલી અક્ષરધામ નિવાસી થયા

વડોદરા નજીક આવેલા હરિધામ સોખડા સ્વામિનારાયણ મંદિરના પરમાધ્યક્ષ અને યોગી ડિવાઈન સોસાયટીના સ્થાપક પરમ પૂજ્ય શ્રી. હરિપ્રસાદ સ્વામીજી 26 જુલાઈ, 2021ના રોજ 88 વર્ષની વયે અક્ષરધામ નિવાસી થયા છે.

- શ્રી હરિપ્રસાદ સ્વામીજીનું અક્ષરવાસ વડોદરાની ભાઈલાલ અમિન હોસ્પિટલ ખાતે થયું હતું.
- શ્રી હરિપ્રસાદ સ્વામીજીનો નશ્વરદેહને હરિધામ સોખડા મંદીરે 5 દિવસ અંતિમ દર્શન માટે મુકવામાં આવ્યો હતો ત્યારબાદ 1 ઓગસ્ટના રોજ અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

### શ્રી હરિપ્રસાદ સ્વામી મહારાજ



પૂજ્ય શ્રી હરિપ્રસાદ સ્વામીજી મહારાજનો જન્મ 23 મે, 1934 (વૈશાદ સુદ 10, વિક્રમ સંવંત 1990) ના રોજ વડોદરાના સાવલી તાલુકાના આસોજ ગામે થયો હતો.

- તેમનું બાળપણનું નામ એટલે કે પુર્વાશ્રમનું નામ 'પ્રભુદાસ ભાઈ' હતું.
- શ્રી હરિપ્રસાદ સ્વામી મહારાજના પિતાનું નામ ગોપાલદાસ અને માતાનું નામ કાશીબા હતું.
- તેમણે પ્રાથમિક શિક્ષણ આસોજમાં જ મેળવ્યું હતું તથા આણંદમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું હતું.
- ત્યારબાદ વલ્લભ વિદ્યાનગર ખાતે એન.વી. સાયન્સ કોલેજમાં અભ્યાસ કર્યો હતો.
- વર્ષ 1955 થી 1965 સુધી બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજના અંગત સચીવ તરીકે સેવા આપી હતી.
- પ્રભુદાસ ભાઈને ગુરૂહરી યોગીજી મહારાજે વર્ષ 1965 એટલે કે સંવત 2021ની વિજ્યા દશમી (દશેરા)ના મંગલદિને પાર્ષદી અને શરદપૂનમે ભાગવતી દીક્ષા આપીને 'હરિપ્રસાદ સ્વામી' નામ આપ્યું હતું.
- અક્ષરનિવાસી શ્રી હરિપ્રસાદ સ્વામીજીએ યોગીજી મહારાજની દિવ્ય સ્મૃતિમાં 'યોગી ડિવાઈન સોસાયટી'ની સ્થાપના કરી હતી.
- શિક્ષણ અને સંસ્કારનો સમન્વય સાધીને જીવંત માનવમંદિરના નિર્માણમાં માનતા શ્રી હરિપ્રસાદ સ્વમી મહારાજે વિદ્યાધામોના સર્જન કરાવ્યા હતા.
- જેમાં આત્મીય યુનિવર્સિટી રાજકોટ, આત્મીય વિદ્યા મંદિર–કોળીભરથાણા (સુરત), સર્વનમન ગર્લ્સ એકેડેમી–ઝાડેશ્વર (ભરૂચ), શ્રી વિજય વિદ્યા મંદિર–અવિધા, આત્મીય વિદ્યા નિકેતન–અમદાવાદ, આત્મીય વિદ્યાધામ– વડોદરા અને વલ્લભ વિદ્યાનગરનો સમાવેશ થાય છે.
- "કોઈ આત્મીય બને કે ન બને હે પ્રભુ ! મારે આત્મીય બનવું છે !" શ્રી હરિપ્રસાદ સ્વામીજીએ આપેલો આ જીવનમંત્ર સમાજની આગવી ઓળખ બની રહ્યો છે.

- છેલ્લા ઘણા વર્ષોથી શ્રી હરિપ્રસાદ સ્વામીજી મહારાજ અનુયાયી સંતો–ભક્તોને ભગવાનના 'દાસના–દાસ' બનીને પરસ્પર સંપ, સહભાવ અને એકતા રાખીને પ્રભુમાન્ય જીવન જીવવાનો ઉપદેશ આપતા હતા.
- શ્રી હરિપ્રસાદ સ્વામીજી પ્રાગટ્ય દિન 'આત્મીય પર્વ' તરીકે મનાવાય છે.
- શ્રી હરિપ્રસાદ સ્વામીજીને લીમડાનું વૃક્ષ પ્રિય હતું.
- 1 ઓગસ્ટના રોજ હરિધામ મંદિરમાં આવેલા લીમડાવનમાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.
- સમાજસેવા, શિક્ષણસેવા, આદીવાસી સમાજનો ઉત્કર્ષ, આરોગ્ય ક્ષેત્રની સેવાઓ, પરીવાર અને કુટુંબોમાં આત્મીયતાને જીવનમંત્ર બનાવી સમાજના ઉત્કર્ષ માટે શ્રી હરીપ્રસાદ સ્વામીજી મહારાજે પોતાનું સમગ્ર જીવન સમર્પીત કર્યુ.

## ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) બિલ, 2021

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે 'ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGS) બિલ,2021'ને મંજૂરી આપી છે.

- આ માટે 'DICGS Act 1961'માં સુધારા કરવામાં આવશે.
- આ બિલ બેન્કિંગ સિસ્ટમમાં ડિપોઝિટર્સના 98.3% અને ડિપોઝિટ વેલ્યુના 50.9% ને આવરી લેશે, જે વૈશ્વિક સ્તરે અનુક્રમે 80% અને 20-30% થી વધુ છે.
- આ બિલ મુજબ પહેલાથી સ્થગિત સ્થિતિમાં રહેલી બેંકો તેમજ ભવિષ્યમાં સ્થગિતતા હેઠળ આવનારી બેન્કોને આવરી લેશે. આ ફેરફારો મુજબ RBI દ્વારા બેંકને સ્થગિત કરવામાં આવે તો 90 દિવસની અંદર ખાતાધારકને 5 લાખ રૂપિયા સુધીનું ભંડોળ પૂરું પાડશે.
- આ અગાઉ ખાતાધારકોએ તેમની થાપણો મેળવવા માટે શાહુકારના લિક્વિડેશન અથવા પુર્નગઠન માટે વર્ષો સુધી રાહ જોવી પડતી હતી. આ ઉપરાંત ડિપોઝિટ વીમા પ્રિમિયમમાં 20% અને મહત્તમ પ્રિમિયમ મર્યાદામાં 50% નો વધારો તાત્કાલીક અસરથી કરવામાં આવ્યો છે.
- આ પ્રિમિયમ વિવિધ બેન્કો દ્વારા DICEG ને ચૂકવવામાં આવે છે.
- હાલમાં વીમા કવચ માટે પ્રિમિયમ તરીકે બેંકો DICGC ને જમા કરેલ 100 રૂપિયા માટે 10 પૈસા ચૂકવે છે. જે હવે દર 100 રૂપિયામાં વધારીને 12 પૈસા કરવામાં આવી છે.
- નોંધનીય છે કે DICGC ખાનગી અને જાહેર બેન્કો, નાની ફાઈનાન્સ બેન્કો, સ્થાનિક વિસ્તારોની બેન્કો, સહકારી બેન્કો, પ્રાદેશિક ગ્રામીણ બેન્કો, ચૂકવણી બેન્કો તેમજ વિદેશી બેન્કોની ભારતીય શાખામાં જમા કરેલ રકમનો વિમો ઉતારે છે.

### DICGC

DICGCનું પૂરું નામ 'Deposit Insurance and Credit Guarantee Corporation' છે.

- સંસદ દ્વારા 'ડિપોઝિટ ઈન્શ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન એક્ટ, 1961' પસાર કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ ડિપોઝિટ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન (DIC) અને ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (CGCI) ના વિલિનીકરણ બાદ વર્ષ 1978 માં 'DICGC' અસ્તિત્વમાં આવી હતી.
- તે ભારતમાં બેંકો માટે ડિપોઝિટ વીમા અને ક્રેડિટ ગેરંટી તરીકે કામ કરે છે.
- DICGC રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની સંપૂર્ણ માલિકીની પેટા કંપની છે.
- DICGC ભારતમાં કાર્યરત તમામ બેંકોને વીમો આપે છે.
- હાલમાં તેનું નેતૃત્વ RBIના ડેપ્યુટી ગવર્નર શ્રી માઈકલ પાત્રા કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## FRIDAY Questions

1. કયા દિવસે 'માનવ તસ્કરી વિરુધ્ધ વિશ્વ દિવસ'ની ઉનવણી કરવામાં આવે છે ?

(A) 29 જુલાઈ (B) 30 જુલાઈ (C) 31 જુલાઈ (D) 1 ઓગસ્ટ **(B)**

2. તાજેતરમાં શ્રી હરિપ્રસાદ સ્વામી મહારાજ અક્ષરધામ નિવાસી થયા છે. તેમનો જન્મ કયા સ્થળે થયો હતો ?

(A) આસોજ (સાવલી તાલુકો) (B) અરણેજ (અમદાવાદ)

(C) આસોજ (કઠલાલ તાલુકો) (D) આજોડ (ડભોઈ) **(A)**

3. શ્રી હરિપ્રસાદ સ્વામીજીના બાળપણનું નામ શું હતું ?

(A) શ્રી પ્રભુદાસ ભાઈ (B) શ્રી ભારતદાસ ભાઈ

(C) શ્રી ભગવાનદાસ ભાઈ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

4. 'યોગી ડિવાઈન સોસાયટી'ની સ્થાપના કોણે કરી છે ?

(A) શ્રી ગોપાલનંદ સ્વામી (B) શ્રી ભગતજી મહારાજ

(C) શ્રી પ્રમુખ સ્વામી મહારાજ (D) શ્રી હરિપ્રસાદ સ્વામીજી **(D)**

5. "કોઈ આત્મીય બને કે ન બને હે પ્રભુ ! મારે આત્મીય બનવું છે !" આ વાક્ય કોનું છે ?

(A) શ્રી પ્રમુખ સ્વામી મહારાજ (B) શ્રી હરિપ્રસાદ સ્વામીજી

(C) શ્રી ગોપાલનંદ સ્વામી (D) શ્રી યોગીજી મહારાજ **(B)**

6. નીચેનામાંથી કયા સ્વામીજીનો પ્રાગટ્ય દીન 'આત્મીય પર્વ' તરીકે મનાવાય છે ?

(A) શ્રી હરિપ્રસાદ સ્વામી (B) શ્રી વિષ્ણુપ્રસાદ સ્વામી

(C) શ્રી ભગતજી મહારાજ (D) શ્રી ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

7. તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે 'ડિપોઝિટ ઈન્શ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGS) બિલ, 2021'ને મંજૂરી આપી છે. આ બિલ અંતર્ગત કયા એક્ટમાં સુધારો કરવામાં આવ્યો છે ?

(A) DICGS Act, 1952 (B) DICGS Act, 1958

(C) DICGS Act, 1961 (D) DICGS Act, 1971 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત અને રશિયા વચ્ચે 12મી સંયુક્ત લશ્કરી કવાયત INDRA-21

ભારત અને રશિયા વચ્ચે 12મી સંયુક્ત લશ્કરી કવાયત અથવા યુધ્ધ અભ્યાસ 'INDRA-21' ઓગસ્ટ 2021માં રશિયાના વોલ્ગોગ્રાડ ખાતે હાથ ધરવામાં આવશે.

- બંને દેશની સેનાઓ આંતરરાષ્ટ્રીય આંતકવાદી જૂથો સામે સંયુક્ત કાર્યવાહી અંગે સંયુક્ત રાષ્ટ્રના વટહુકમનું પાલન કરીને આતંકવાદ વિરોધી કવાયત કરશે.
- આ લશ્કરી કવાયત વર્ષ 2003માં શરૂ કરવામાં આવી હતી.
- આ કવાયત બંને દેશોની નૌકાદળો વચ્ચે લાંબા સમયથી ચાલતા વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવે છે.
- આ અગાઉ વર્ષ 2019માં ભારત અને રશિયા વચ્ચે 'INDRA-2019'નું આયોજન થયું હતું. જે ઝાંસી પાસેના બબીના, પૂણે અને ગોવા ખાતે એક સાથે આ ત્રણેય સ્થળે યુધ્ધ અભ્યાસ યોજાયો હતો.
- આ દ્વિપક્ષીય નૌસેના યુધ્ધ અભ્યાસ વર્ષ 2003 થી એકંતરે હાથ ધરવામાં આવતો હતો.
- જોકે, ત્રણેય સેનાઓના સંયુક્ત યુધ્ધ અભ્યાસનો (Tri-Services Exercise)નો વર્ષ 2017થી પ્રારંભ થયો છે.

### લશ્કરી કવાયતોનું મહત્ત્વ

આંતરરાષ્ટ્રીય સંબંધોના ક્ષેત્રમાં લશ્કરી રાજદ્વારી તાજેતરના વર્ષોમાં રાષ્ટ્રોના રાજદ્વારી હિતોને આગળ વધારવાના મુખ્ય સાધન તરીકે ઉભરી આવ્યું છે.

- આંતરરાષ્ટ્રીય કક્ષાની લશ્કરી કવાયતમાં ભાગ લેવો એ સભ્ય દેશો વચ્ચે ઉચ્ચતમ સ્તરના વિશ્વાસ અને આત્મવિશ્વાસની નિશાની છે.
- લશ્કરી કવાયતો સૈન્યને એકબીજાના અભ્યાસો અને પ્રક્રિયાઓ સમજવા, ભાષાના અવરોધોને દૂર કરવા અને સાધન સામગ્રીની ક્ષમતાઓથી પોતાને પરિચિત કરવામાં મદદ કરે છે.
- સંયુક્ત લશ્કરી કવાયતનો કદાચ સૌથી મહત્ત્વનો ફાયદો 'વ્યૂહાત્મક સંકેત' પૂરો પાડવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### અન્ય દેશો સાથે ભારતના યુધ્ધ અભ્યાસ/લશ્કરી કવાયત

| ક્રમ | યુધ્ધ અભ્યાસનું નામ | દેશ |
|---|---|---|
| 1 | સૂર્ય–કિરણ | નેપાળ |
| 2 | હેન્ડ–ઈન–હેન્ડ | ચીન |
| 3 | મિત્ર–શક્તિ | શ્રીલંકા |
| 4 | યુધ્ધ અભ્યાસ | અમેરિકા |
| 5 | બોલ્ડ કુરુક્ષેત્ર | સિંગાપોર |
| 6 | એકુવેરિન | માલદીવ |
| 7 | શક્તિ | ફ્રાન્સ |
| 8 | નોમેડિક એલિફન્ટ | મંગોલિયા |
| 9 | ગરૂડ શક્તિ | ઈન્ડોનેશિયા |
| 10 | હરિમાઉ શક્તિ | મલેશિયા |
| 11 | મૈત્રી | થાઈલેન્ડ |
| 12 | ઈન્દ્ર ધનુષ | બ્રિટન |

## સતલજ નદીનું પ્રદૂષણ

તાજેતરમાં સતલજ નદીમાં પ્રદૂષણથી ઈન્દિરા ગાંધી કેનાલ પાસે રહેતા લોકોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો છે.

- નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ પંજાબ સરકાર અને રાજસ્થાન સરકારને સતલજ અને બિયાસ નદીમાં વહેતા પ્રદૂષિત પાણીને રોકવા માટે કરેલી સુધારાત્મક કાર્યવાહી અંગે જળશક્તિ મંત્રાલયને ત્રિમાસિક પાલન અહેવાલ સુપરત કરવાનો નિર્દેશ આપ્યો છે.
- બુધ્ધ નાલા અથવા બુઢ્ઢા નાલા સતલજ નદીમાં પ્રદૂષણનો મુખ્ય સ્ત્રોત છે. જે સતલજની એક સહાયક નદી છે.
- લુધિયાણા શહેરના 'સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ' (STP)માંથી સારવાર ન કરાયેલ ગટર કચરો, ડાઈગ એકમો અને ઔદ્યોગિક કચરો સીધા આ નદીમાં છોડવામાં આવે છે.
- સતલજ નદીમાં બુધ્ધનાલા નદી મળ્યા બાદ તેમાં ક્રોમિયમ અને આર્સેનિકના અવશેષો મળી આવ્યા છે.
- ઈન્દિરા ગાંધી કેનાલ દેશની સૌથી લાંબી કેનાલ છે. તે પંજાબમાં સતલજ અને બિયાસ નદીના સંગમથી થોડા કિલોમિટર નીચે હરીકે બેરેજથી ઉદ્ભવે છે. અને લુધિયાણામાંથી વહે છે.
- ઈન્દિરા ગાંધી કેનાલમાં પ્રદૂષકોની હાજરીના કારણે પાણી સંપૂર્ણ પણે કાળુ થઈ ગયું છે.
- જેના કારણે ચામડીના રોગો, ગેસ્ટ્રોએન્ટારાઈટિસ, પાચનની સમસ્યાઓ વગેરે જેવી આરોગ્ય સમસ્યાઓ ઉભી થઈ છે.

### સતલજ નદી

સતલજ નદી તિબેટમાં 4555મીટરની ઊંચાઈ પર માનસરોવરની નજીક 'રાક્ષસતાલ' થી ઉદ્ભવે છે.

- તેમને સાતાદ્રુ અથવા સાતદ્રી નામથી પણ ઓળખવામાં આવે છે. તે સિંધુ નદીની સહાયક નદી છે.
- તિબેટમાં તેને 'લાંગચેનખંબાબ' ના નામથી પણ ઓળખવામાં આવે છે.
- ભારતમાં પ્રવેશ કર્યા પહેલા આ નદી આશરે 400 કિ.મી સુધી સિંધુ નદીને સમાંતર વહે છે.
- શિપકીલા પાસની નજીકથી આ નદી હિમાચલ પ્રદેશમાં પ્રવેશ કરે છે.
- હિમાચલપ્રદેશમાં તેના પર ભાખડા બંધ આવેલ છે. તથા પંજાબમાં આ નદી પર નાંગલ બંધ આવેલ છે.
- આ નદી પર બંધ બાંધતા ગોવિંદ સાગર સરોવરનું નિર્માણ થયેલું છે.
- આ નદીની કુલ લંબાઈ આશરે 1500 કિ.મી છે. ભારતમાં તેની લંબાઈ આશરે 1050 કિ.મી છે.
- આ નદી પર ભાખડા ડેમ, કરચમ, વાંગચુ, નેપ્થાઝાખરી જેવા જળવિદ્યુત મથકો આવેલ છે.
- પંજાબમાં લુધિયાણા અને ફિરોઝપુર શહેર આ નદીના કિનારે વસેલા છે.

## ભારત ઓગસ્ટ મહિનામા UNSCના અધ્યક્ષનું પદ સંભાળશે

ભારત 1 ઓગસ્ટ થી એક મહિના માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)નું અધ્યક્ષ પદ સંભાળશે.

- આ મહિના દરમિયાન આંતકવાદ સામેની લડાઈ, દરિયાઈ સુરક્ષા અને શાંતિ જળવણી અંગેના ત્રણ મુખ્ય ક્ષેત્રોમાં વિવિધ  કાર્યક્રમોનું આયોજન કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ શ્રી એસ.તિરુમૂર્તિ ઓગસ્ટ મહિના માટે સુરક્ષા પરિષદના એક્શન પ્લાન પર પ્રેસ કોન્ફરન્સ કરશે.
- સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્ય તરીકે ભારતનો બે વર્ષનો કાર્યકાળ 1 જાન્યુઆરી, 2021થી શરૂ થયો હતો.
- ભારત આવતા વર્ષે ડિસેમ્બરમાં ફરી કાઉન્સિલની અધ્યક્ષતા કરશે, જે તેના બે વર્ષના કાર્યકાળનો છેલ્લો મહિનો હશે.
- સમુદ્રી સુરક્ષા ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. અને સુરક્ષા પરિષદ માટે આ મુદ્દે સર્વગ્રાહી અભિગમ અપનાવવો મહત્વપૂર્ણ છે.
- આતંકવાદ સામેની લડાઈમાં અગ્રણી દેશ તરીકે ભારત આતંકવાદ સામેની લડાઈ પર ધ્યાન કેન્દ્રીત કરવાનું ચાલુ રાખશે.

## UNSC

UNSCનું પૂરું નામ'United nations Security Council' છે.

- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે.
- UNSCનું પ્રાથમિક કાર્ય આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને સલામતિ જાળવવાનું છે.
- UNSCનું પ્રથમ સત્ર 17 જાન્યુઆરી, 1946ના રોજ લંડનના વેસ્ટમિન્સ્ટર ખાતે યોજાયું હતું.
- UNSC 15 સભ્યો ધરાવે છે. જેમાંથી 5 કાયમી સભ્યો અને 10 બિન–કાયમી સભ્યો છે.
- પાંચ કાયમી સભ્યોમાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીનનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SATURDAY Questions

1. INDRA કયા બે દેશ વચ્ચે યોજાતો યુધ્ધ અભ્યાસ છે ?

(A) ભારત–ફ્રાન્સ (B) ભારત–રશિયા (C) ભારત–બ્રિટન (D) ભારત–મલેશિયા **(B)**

2. ઓગસ્ટ 2021માં ભારત અને રશિયા 'INDRA - 21' યુધ્ધ અભ્યાસની કેટલામી આવૃત્તિ હાથ ધરશે ?

(A) 12મી (B) 14મી (C) 16મી (D) 18મી **(A)**

3. ભારત અને રશિયા વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'INDRA' નો પ્રારંભ કયા વર્ષથી થયો હતો ?

(A) 2001 (B) 2002 (C) 2003 (D) 2004 **(C)**

4. સતલજ નદીમાં પ્રદુષણથી કઈ કેનાલ પાસે રહેતા લોકોના આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો છે ?

(A) સતલજ–બિયાસ કેનાલ (B) ઈન્દિરા ગાંધી કેનાલ

(C) જવાહર કેનાલ (D) ભાખડા કેનાલ **(B)**

5. કઈ નદી તિબેટમાં 'લાંગચેનખંબાબ' ના નામથી ઓળખવામાં આવે છે ?

(A) રાવી (B) બિયાસ (C) સિંધુ (D) સતલજ **(D)**

6. સતલજ નદી વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે તિબેટમાં 4555 મીટરની ઉંચાઈ પર માનસરોવરની નજીક રાક્ષસતાલ થી ઉદ્‌ભવ છે.

2. તેમને સતાદ્રુ અથવા સાતુદ્રી નામથી પણ ઓળખવામાં આવે છે.

3. હિમાચલ પ્રદેશમાં આ નદી પર ભાખડા અને પંજાબમાં નાંગલ બંધ આવેલ છે.

4. આ નદી પર બંધ બાંધતા ગોવિંદ સાગર સરોવરનું નિર્માણ થયેલું છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના પાંચ વર્ષ**

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવા અવસરે 'પાંચ વર્ષ આપણી સરકારના, સૌના સાથ સૌના વિકાસ' હેઠળ જનકલ્યાણ અને લોકહિતના કાર્યક્રમો સમગ્ર રાજ્યમાં યોજાશે. કોરોના સંક્રમણ નિયંત્રણ માટેની ગાઈડલાઈન્સના સંપૂર્ણ પાલન સાથે આ કાર્યક્રમ યોજાશે, તે અંતર્ગત તારીખ 1 ઓગસ્ટ 'જ્ઞાનશક્તિ દિવસ', 2 ઓગસ્ટ 'સંવેદના દિવસ', 3 ઓગસ્ટ 'અન્નોત્સવ દિવસ', 4 ઓગસ્ટ 'નારી ગૌરવ દિવસ', 5 ઓગસ્ટ 'કિસાન સન્માન દિવસ', 6 ઓગસ્ટ 'રોજગાર દિવસ', 7 ઓગસ્ટ 'વિકાસ દિવસ', 8 ઓગસ્ટ 'શહેરી જનસુખાકારી દિવસ' અને 9 ઓગસ્ટના રોજ 'વિશ્વ આદિવાસી દિવસ' ઉજવાશે. 3 ઓગસ્ટના રોજ 'સર્વને અન્ન, સર્વને પોષણ' અંતગૃત 'અન્નોત્સવ દિવસ' અન્વયે યોજનારા કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેશે.

## ભારત

➤ **એલેકઝાંડર ડેલરિમ્પલ પુરસ્કાર**

તાજેતરમાં ભારતના અગ્રણી હાઈડ્રોગ્રાફર વાઈસ એડમિરલ શ્રી વિનય બધ્ધવરને બ્રિટિશ સરકાર દ્વારા હાઈડ્રોગ્રાફી અને નોટિકલ કાર્ટોગ્રાફી ક્ષેત્રે તેમના કાર્ય બદલ પ્રતિષ્ઠિત 'એલેકઝાંડર ડેલરિમ્પલ' પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે. વર્ષ 2019માં જ આ એવોર્ડની ઘોષણા કરવામાં આવી હતી. પરંતુ કોવિડ– 19 મહામારીના કારણે આ એવોર્ડ સમારંભ યોજાઈ શકયો નહીં. વર્ષ 1982માં ભારતીય નૌકાદળમાં જોડાયેલા વાઈસ એડમિરલ શ્રી વિનય બધ્ધવરને હાઈડ્રોગ્રાફિક સર્વેનો વિશાળ અનુભવ છે. એલેકઝાંડર ડેલરિમ્પલ એવોર્ડની સ્થાપના વર્ષ 2006માં કરવામાં આવી હતી.

➤ **ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીએ 'MyGov- મેરી સરકાર' પોર્ટલ શરૂ કર્યુ**

26 જુલાઈ, 2021ના રોજ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે 'MyGov- મેરી સરકાર' (MyGov-Meri Sarkar) પોર્ટલ લોન્ચ કર્યુ છે. આ પોર્ટલ દ્વારા રાજ્યના લોકો સરકારને વિવિધ પ્રતિક્રિયા આપી શકે છે અને યુપી સરકાર તેમને રાજ્યની વિવિધ યોજનાઓ વિશે પણ માહિતી આપી શકે છે. આ પોર્ટલનો ઉદ્દેશ રાજ્ય–સરકાર સાથે સામાન્ય નાગરિકોની સંલગ્નતાને વધુ વધારવાનો છે. આ પોર્ટલ રાજ્યની યોજનાઓના પ્રસાર અને તેમના પર નાગરિકોના અભિપ્રાય અને તેઓને કેવી રીતે સંબોંધીત કરી શકાય તે જાણવા મુખ્ય ભૂમિકા ભજવશે. આ પોર્ટલ દેશભરમાં લોકોની ભાગીદારી અને સુશાસન માટેના નવીન પ્લેટફોર્મનું ઉદાહરણ બની શકે છે. ઉત્તરપ્રદેશનું આ પોર્ટલ કેન્દ્રસરકારના 'MyGov' પોર્ટલથી પ્રેરિત છે.

➤ **Green Sohra Afforestation Campaign**

25 જુલાઈ, 2021ના રોજ સોહરા (ચેરાંપૂંજી) માં 'ગ્રીન સોહરા વનીકરણ અભિયાન' (Green Sohra Afforestation Campaign) કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતશાહે શરૂ કરાવ્યું હતું. વૃક્ષારોપણ અને વનીકરણના મહત્વ પર ભાર મુકતા આ અભિયાનનો નારો Evergreen Northeast છે. આ અભિયાન આસામ રાઈફલ્સ અને મેઘાલય દ્વારા ચલાવવામાં આવશે. શ્રી અમિતશાહે અહીં ગ્રેટર સોહરા પાણી પુરવઠા યોજનાનું પણ ઉદ્‌ઘાટન કર્યુ હતું. ચેરાપુંજી સ્થાનિક રીતે સોહરા તરીકે પણ ઓળખાય છે. આસામ રાઈફલ્સ વૃક્ષારોપણ અભિયાન માટે ચેરાપુંજીનો આખો વિસ્તાર અપનાવશે. આ પ્રદેશના કુલ જમીનમાં 80% અને તેનાથી વધુ સમય લાંબાગાળાના વૃક્ષ વાવેતર માટે રાખવામાં આવ્યા છે અને બાકીના વિસ્તારોનો ઉપયોગ નર્સરી, સુશોભન છોડ અને પશુઆહાર માટે કરવામાં આવશે. રાજ્યના સ્થાનિક લોકોને પણ પર્યાવરણ પર્યટનનો લાભ મળશે.

➤ **શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ હિંસાથી પ્રભાવિત મહિલાઓ માટે 24/7 માટે હેલ્પલાઈન શરૂ કરી**

27 જુલાઈ, 2021ના રોજ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ રાષ્ટ્રીય મહિલા આયોગની 24/7 હેલ્પલાઈન નંબર 7827170170 શરૂ કરી છે. આ હેલ્પલાઈન નંબર હિંસાથી પ્રભાવિત મહિલાઓને 24/7 સહાય પૂરી પાડશે. તેઓ હોસ્પિટલ, ડોકટરો, પોલીસ, મનોવૈજ્ઞાનિક સેવાઓ, જિલ્લા કાનૂની સેવાઓ વગેરે સાથે જોડાયેલા રહેશે. આ હેલ્પલાઈન દેશભરમાં તમામ મહિલાઓની સલામતિને વધુ સુધારવાના હેતુથી શરૂ કરવામાં અવી છે. પ્રશિક્ષિત નિષ્ણાતોની ટીમ આ હેલ્પલાઈનની કામગીરીમાં મદદ કરશે. 18 વર્ષ કે તેથી વધુ ઉંમરની કોઈપણ મહિલા આ હેલ્પલાઈન પર કોલ કરી મદદ માંગી શકે છે. આ હેલ્પલાઈન નેશનલ કમિશનર ફોર વુમનના પરિસરથી કાર્યરત થશે જે નવી દિલ્હીમાં સ્થિત છે.

➤ **ગંગા બેસિનમાં શહેરોને જળ સંવેદનશીલ બનાવવાની પહેલ**

તાજેતરમાં વિજ્ઞાન અને પર્યાવરણ કેન્દ્ર (CSE) એ ગંગા મિશનના સહયોગથી 'ગંગા બેસિનમાં શહેરોને જળ સંવેદનશીલ' બનાવવા પર એક નવી ક્ષમતા નિર્માણ પહેલ શરૂ કરી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ગંગા બેસિન શહેરોમાં બહેતર નદી આરોગ્ય માટે ટકાઉ શહેરી જળ વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવા ક્ષમતા નિર્માણ અને ક્રિયા સંશોધન કરવાનો છે. આ પહેલનો મુખ્ય કેન્દ્રીત વિસ્તારોમાં જળ સંવેદનશીલ શહેરી ડિવાઈન અને આયોજન, શહેરી જળ કાર્યક્ષમતા અને સંરક્ષણ, શહેરી ભૂગર્ભજળ વ્યવસ્થાપન અને શહેરી જળસંસ્થા / તળાવનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➢ **વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક**

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (IMF)ની 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક'ની તાજેતરની આવૃત્તિએ વર્ષ 2021 માટે ભારતની વૃધ્ધીની આગાહી 12.5% (એપ્રિલ 2021) થી ઘટાડીને 9.5% કરી છે. IMF એ તેની આગાહીમાં મુખ્યત્વે બે પરિબળો પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે, જેમ કે રસીની પહોંચ અને નવા કોરોના–વેરિઅન્ટનું જોખમ. ભારતીય અર્થતંત્ર વર્ષ 2021માં 9.5% અને વર્ષ 2022 માં 8.5% (એપ્રિલમાં અદાંજીત 6.9% થી ઉપર)ની વૃધ્ધિની અપેક્ષા છે. નોંધનીય છે કે વર્ષ 2020માં ભારતીય અર્થતંત્રમાં અંદાજીત 8%નું સંકોચન જોવા મળ્યું હતું. કોવિડ-19ની બીજી લહેરના કારણે IMFએ ભારતની વૃધ્ધિ આગાહીમાં ઘટાડો કર્યો છે. વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક એ એક IMF સર્વે છે જે વર્ષમાં બે વાર પ્રકાશિત થાય છે.

➢ **KVIC અને BSF એ જેસલમેરમાં પ્રોજેક્ટ બોલ્ડ શરૂ કર્યો**

ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ (KVIC)એ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF)ના સહયોગથી રાજસ્થાનના રણમાં હરિત આવરણ (Green Cover) વિકસાવવાના પ્રાથમિક ઉદ્દેશ સાથે પ્રોજેક્ટ બોલ્ડ શરૂ કર્યો છે. 27 જુલાઈ, 2021ના રોજ KVICએ BSF સાથે મળીને પ્રોજેક્ટ બોલ્ડ હેઠળ વાંસના 1000 રોપાઓ વાવ્યા હતા. આ રોપાઓ જેસલમેરના તનોટ ગામમાં આવ્યા હતા. Project Boldનો અર્થ Bamboo Oasis on Lands in Drought છે. તેનો મુખ્ય ઉદ્દેશ વિસ્તારની સ્થાનિક વસતીને આજીવિકા પૂરી પાડવાનો, રણ પ્રદેશ ઘટાડવાનો અને બહુ–શિસ્ત ગ્રામીણ ઉદ્યોગ સપોર્ટ પૂરો પાડવાનો છે.

➢ **GSIએ લિથિયમની શોધખોળ પર પ્રોજેક્ટ શરૂ કર્યો**

ભારતની ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (GSI)એ સરકારની ઉર્જા સુરક્ષા યોજનાઓના ભાગરૂપે આંધ્રપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, રાજસ્થાન અને જમ્મુ અને કાશ્મીરમાં સાત લિથિયમ પ્રોજેક્ટ શરૂ કર્યા છે. રાજસ્થાન અને કર્ણાટક રાજ્યોમાં લિથિયમની શોધ અણુ ખનીજ સંશોધન અને સંરોધન નિયામક (AMDER) દ્વારા કરવામાં આવી છે જે અણુ ઉર્જા વિભાગ (DAE)ના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે. ભારત સરકારે દેશમાં ઈ–મોબિલિટીને પ્રોત્સાહન આપવા માટે લિથિયમ–આયન કોષોનું ઉત્પાદન કરવાના પ્રાથમિક ઉદ્દેશ સાથે રૂ. 18,100 કરોડની ઉત્પાદન–લિંક્ડ પ્રોત્સાહન (PLI) યોજનાની ઘોષણા કરી છે. ભારતમાં લિથિયમ–આયાન બેટરી અને અન્ય ઉપયોગનો ઉત્પાદન માટે લિથિયમ અનામતનો અભાવ છે. મોટા ભાગની લિથિયમ બેટરી દેશમાં આયાત કરવામાં આવે છે.

➢ **કાંજીવરમ સિલ્ક સાડી : તમિલનાડુ**

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શ્રી. બી.કૃષ્ણમૂર્તિએ કાંજિરવ સિલ્ક સાડી વણાટ માટે તમામ પરંપરાગત ડિઝાઈન, પેટર્ન અને પ્રધાનતત્ત્વના નમૂનાઓનો ભંડાર બનાવ્યો છે. જે ભાવી પેઢીઓ માટે ટુકડાઓને સંરક્ષિત કરશે. પરંતરાગત રીતે કાંજીવરમ સાડી મોટે ભાગે શેતૂરના રેશમી દોરાથી હાથથી વણાયેલી હોય છે અને શુધ્ધ સોના અથવા ચાંદીની ઝરીનો ઉપયોગ કરે છે જે તેને આકર્ષક ગુણવત્તા આપે છે. હેન્ડલૂમથી બનેલી સિલ્ક સાડી ભારતીય પરંપરાગત કાપડમાં સૌથી વૈભવી અને ઉત્તમ ફેબ્રિક તરીકે પણ ઓળખાય છે. તમિલનાડુના 'કાંચીપુરમ' ગામમાં ઉત્પાદિત કાંજીવરમ સાડીને 'સિલ્ક સાડીની રાણી' તરીકે પણ ગણવામાં આવે છે. ચોલા રાજવંશના લાંબા અને સમૃધ્ધ ઈતિહાસ સાથે કાંચીપુરમ સાડીઓ હાલમાં ભારતીય કાપડ ઉદ્યોગની સૌથી જૂની અને ધનિક વારસાઓમાની એક માનવામાં આવે છે. વર્ષ 2005-06માં તેમને GI ટેગ પણ મળ્યો છે.

## વિશ્વ

➤ **ચીન વિશ્વના પ્રથમ સ્વચ્છ પરમાણુ રિએક્ટરને સક્રિય કરશે**

તાજેતરમાં ચીનના સરકારી વૈજ્ઞાનિક પ્રાયોગિક પરમાણુ રિએક્ટર માટેની યોજનાને જાહેર કરતા કહ્યું છે કે રિએક્ટરને ઠંડુ કરવા માટે પાણીની જરૂર નથી. આ રિએક્ટર યુરેનિયમની જગ્યાએ લિક્વિડ થોરિયમ પર ચાલશે અને પરંપરાગત  રિએક્ટર્સ કરતા સુરક્ષિત રહેવાની ધારણા છે. નોંધનીય છે કે આ પ્રોટોટાઈપ રિએક્ટર ઓગસ્ટમાં પૂર્ણ થવાની સંભાવના છે અને સપ્ટેમ્બરમાં તેનાં પ્રથમ પરીક્ષણો શરૂ થશે. આ પ્રકારના રિએક્ટરને પાણીની જરૂર નથી તેથી તે રણ વિસ્તારોમાં કાર્યરત થઈ શકશે. વુવેઈ (WUWEI)ના રેગેસ્તાની શહેરને પ્રથમ રિએક્ટરના સ્થળ તરીકે પંસદ કરવામાં આવ્યું છે. તથા ચીનની સરકાર પશ્ચિમ ચીનના મેદાનો અને રણમાં વધુ રિએક્ટર બનાવવાની યોજના બનાવી રહે છે. નોંધનીય છે કે થોરિયમ એ કિરણોત્સર્ગી ધાતુ છે. તે યુરેનિયમ કરતા પ્રમાણમા સરખી છે.

➤ **ફિલિપાઈન્સે આનુવંશિક રીતે સુધારેલા 'ગોલ્ડન રાઈસ'ની મંજૂરી આપી**

ફિલિપાઈન્સ દ્વારા વ્યાવસાયિક ઉત્પાદન માટે આનુવંશિક રીતે સુધારેલા (Genetically Modified) 'ગોલ્ડન રાઈસ'ને મંજૂરી આપવામાં આવી છે. આરોગ્ય નિષ્ણાતો માને છે કે આ નિર્ણય વિશ્વના વિકાસશીલ પ્રદેશોમાં બાળકોના જીવનને બચાવશે અને બાળપણના અંધત્વ સામે લડશે. આંતરરાષ્ટ્રીય ચોખા સંશોધન સંસ્થા (IRRI) એ કૃષિ વિભાગ–ફિલિપાઈન રાઈસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી 'ગોલ્ડન રાઈસ' વિકસાવવા માટે બે દાયકા પસાર કર્યા છે.તે દક્ષિણ અને દક્ષિણપૂર્વ એશિયા ક્ષેત્રમાં વ્યાપારી ઉપયોગ માટે માન્ય આનુવંશિક રીતે સુધારેલા ચોખાનો પ્રથમ પ્રકાર છે. નોંધનીય છે કે સામાન્ય ચોખા છોડ બિટા–કેરોટિન ઉત્પન્ન કરે છે, પરંતુ તે દાણામાં મળતું નથી. જ્યારે આ ગોલ્ડન રાઈસ દાણામાં જ બિટા–કેરોટિન ઉત્પન્ન કરે છે. આ ગોલ્ડન રાઈસ બીટા કેરોટીનથી ભરપુર છે. જે વિટામિન–A પૂર્વગામી છે.

ICE FOR COMPETITIVE EXAMS

➤ **ડિજિટલ અને ટકાઉ વેપાર સુવિધા પર સંયુક્ત રાષ્ટ્રનો સર્વે- 2021**

તાજેતરમા ભારતે એશિયા–પેસિફિક માટે 'યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન' (UNESCAP) ના 'ડિજિટલ અને ટકાઉ વેપાર સુવિધા પર વૈશ્વિક સર્વેક્ષણ'માં 90.32% પોઈન્ટ મેળવ્યા છે. વર્ષ 2019માં 78.49%ની તુલનામાં તેમાં નોંધપાત્ર ઉછાળો રહ્યો છે. દર બે વર્ષ UNESCAP દ્વારા આ સર્વે કરવામાં આવે છે અને વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન દ્વારા વેપાર સુવિધા કરાર જેવા 58 વ્યવસાયિક સુવિધાના પગલાનું આકારણી કરવામાં આવે છે. આ સર્વેમાં હાલમાં વિશ્વભરની 143 અર્થવ્યવસ્થાઓને આવરી લેવામાં આવી છે. દેશનો ઉચ્ચ સ્કોર વ્યસાયોને રોકાણના નિર્ણય લેવામાં મદદ કરે છે. આ સર્વેના 58 પગલાંઓમાં ઈન્ટરનેટ પર હાલના આયાત–નિકાસ નિયમોનું પ્રકાશન, જોખમ સંચાલન, ટેરિફ વર્ગીકરણ અંગેના આગોતરા નિર્ણયો, પૂર્વ આગમન પ્રક્રિયા, સ્વતંત્ર અપીલ પધ્ધતિ, ઝડપી શિપમેન્ટ, સ્વચાલિત કસ્ટમ સિસ્ટમ વગેરેનો સમાવેશ થાય છે.

➤ **સંયુક્ત રાષ્ટ્રએ દૃષ્ટિ (Vision) પરનો પ્રથમ ઠરાવ અપનાવ્યો**

તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા દૃષ્ટિ પરના પ્રથમ ઠરાવને મંજૂરી આપવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્રએ તેના 193 સભ્ય દેશોને તેના દરેક નાગરિકની આંખની સંભાળ સુનિશ્ચિત કરવા હાકલ કરી છે. આ સંકલ્પનો મુખ્ય ઉદ્દેશ 2030 સુધીમાં 1.1 મિલિયન લોકોની મદદ કરવાનો છે. જે દૃષ્ટિ ગુમાવવાથી પીડાય છે. 'Vision for Everyone' શિર્ષક ધરાવતો આ પ્રસ્તાવ એન્ટિગુઆ, બાંગ્લાદેશ અને આયર્લેન્ડ દ્વારા પ્રાયોજિત છે અને 100 થી વધુ દેશો દ્વારા સહ–પ્રાયોજિત છે. આ ઠરાવ હેઠળ સંયુક્ત રાષ્ટ્રએ સભ્ય દેશોને આંખની સંભાળ માટે સરકારી અભિગમ સ્થાપિત કરવા જણાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રએ પણ દાતાઓ અને નાણાકીય સંસ્થાઓને વિકાસશીલ દેશોને ભંડોળ પૂરું પાડવા સામાજિક અને આર્થિક વિકાસ પર દૃષ્ટિના નુકસાનના પ્રભાવને પહોંચી વળવા હાકલ કરી છે. વૈશ્વિક સ્તરે દૃષ્ટિની ખોટથી પીડાતા 1 અબજ લોકોમાંથી 90% થી વધુ ઓછી અથવા મધ્યમ આવક ધરાવતા શહેરોમાં રહે છે.

➤ **યુકેમાં 'નોરોવાયરસ' ચેપના કેસો નોંધાયા**

યુનાઈટેડ કિંગ્ડમમાં નોરોવાયરસના કેસો નોંધાયા છે. 'પબ્લિક હેલ્થ ઈંગ્લેન્ડ'એ તાજેતરમાં નોરોવાયરસ સંબંધિત ચેતવણી આપી હતી. ઈંગ્લેન્ડમાં અત્યાર સુધીમાં નોરો વાયરસના 154 કેસ નોંધાયા છે. રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્ર (CDC) અનુસાર નોરોવાયરસ ખૂબ જ ચેપી રોગ છે જે ઝાડા અને ઉલટીનું કારણ બને છે. ચેપગ્રસ્ત વ્યક્તિના સીધા સંપર્કમાં આવવાથી આ વાયરસનો ચેપ લાગી શકે છે. નોરોવાયરસના લક્ષણોમાં ઉલટી થવી, ઝાડા થવા, પેટમાં દુખાવો થવો વગેરે છે. આ વાયરસ માટે કોઈ ખાસ દવા નથી પરંતુ નિષ્ણાતો પૂષ્કળ પ્રવાહી પીવા સૂચવે છે.

## ICE ? Questions

➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારના સુશાસનના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ? – પાંચ

➤ કયો દેશ વિશ્વના પ્રથમ સ્વચ્છ પરમાણુ રિએક્ટરને સક્રિય કરશે ? – ચીન

➤ તાજેતરમાં કયા દેશે આનુવંશિક રીતે સુધારેલા 'ગોલ્ડન રાઈસની મંજૂરી આપી છે ? – ફિલિપાઈન્સ

➤ તાજેતરમાં ભારતના કયા હાઈડ્રોગ્રાફરને 'એલેકઝાંડર ડેલરિમ્પલ પુરસ્કાર'થી નવાજવામાં આવ્યા છે ? – શ્રી વિનય બધ્ધવર

➤ કયા દેશમાં તાજેતરમાં 'નોરોવાયરસ'ના કેસ નોંધાયા છે ? – યુનાઈટેડ કિંગ્ડમ

➤ તાજેતરમાં કયા રાજ્યએ 'MyGov - મેરી સરકાર' પોર્ટલ શરૂ કર્યુ છે ? – ઉત્તરપ્રદેશ

➤ તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે 'ગ્રીન સોહરા વનીકરણ અભિયાન'નો પ્રારંભ કયા સ્થળે કરાવ્યો હતો ? – સોહરા (ચેરાપુંજી)

➤ તાજેતરમાં ભારતે એશિયા–પેસિફિક માટે 'યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કમિશન'ના ડિજિટલ અને ટકાઉ વેપાર સુવિધા પર વૈશ્વિક સર્વેક્ષણમાં કેટલા પોઈન્ટ મેળવ્યા છે ? – 90.32

➤ તાજેતરમાં સુશ્રી સ્મૃતિ ઈરાનીએ હિંસાથી પ્રભાવિત મહિલાઓ માટે 24/7 હેલ્પલાઈન શરૂ કરી છે. આ હેલ્પલાઈન નંબર જણાવો ? – 7827170170

➤ IMFની 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક'ની તાજેતરની આવૃત્તિએ વર્ષ 2021 માટે ભારતની વૃદ્ધિની આગાહી 12.5થી ઘટાડીને .........કરી છે ? – 9.5%

➤ KVIC અને BSF એ.........ખાતે પ્રોજેક્ટ બોલ્ડ શરૂ કર્યો છે ? – જેસલમેર

➤ તાજેતરમાં કોણે લિથિયમની શોધખોળ પર પ્રોજેક્ટ શરૂ કર્યો છે ? – GSI

➤ કાંજીવરમ સિલ્ક સાડી કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તમિલનાડુ

1. ભારતીય પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ (BPKP) કયા કાર્યક્રમની ઉપયોજના છે ? – પરંપરાગત કૃષિ વિકાસ યોજના
(કેન્દ્ર સરકાર 'પરંપરાગત કૃષિ વિકાસ યોજના' (PKVY)ની ઉપ–યોજના તરીકે ભારતીય પ્રાકૃતિક કૃષિ યોજના (ભારતીય નેચરલ ફાર્મિંગ સિસ્ટમ)ને લાગુ કરી રહે છે. તેનો મુખ્ય ઉદ્દેશ પરંપરાગત સ્વદેશી પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો છે.)
2. 'ગાંવ બૂરા' (Gaon Buras) કયા રાજ્યના વહીવટીતંત્ર સાથે સંકળાયેલ શબ્દ છે ? – આસામ
(આસામ કેબિનેટે જાહેરાત કરી હતી કે જિલ્લા વહીવટી તંત્રના ગ્રામ્ય કક્ષાના કાર્યકારી 'ગાંવ બૂરા' હવે 'ગાંવ પ્રધાન' તરીકે ઓળખાશે. બ્રિટિશ શાસનકાળ દરમિયાન અંગ્રેજો એ ગામના સૌથી મોટા વ્યક્તિને વડા તરીકે નિયુક્ત કર્યા જે જમીન અને મહેસૂલની બાબતોનું ધ્યાન રાખતા હતા. તેમને આસામમાં 'ગાંવ બૂરા' તરીકે ઓળખવામાં આવતા હતા. બૂરા એટલે કે આસામી ભાષામાં વૃદ્ધ માણસ.)
3. તાજેતરમાં કોણ ઓલિમ્પિકમાં ટેનિસ સિંગલ્સ મેચ જીતનાર ત્રીજા ભારતીય ખેલાડી બન્યા છે ? – શ્રી સુમિત નાગલ
4. 'વિશ્વ મગજ દિવસ' અથવા 'વિશ્વ મસ્તિક દિવસ' કયા દિવસે ઉજવાય છે ? – 22 જુલાઈ
5. ટોકિયો ઓલિમ્પિક 2020માં સૌથી નાની ઉંમરના સ્કેટબોર્ડર ખેલાડી સુશ્રી નિશીયા મોમીજીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તે કયા દેશના ખેલાડી છે ? – જાપાન
6. તાજેતરમાં કયો દેશ ફેસબુકના વિકલ્પ તરીકે પોતાનું સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ 'જોગાજોગ' લોન્ચ કરવા જઈ રહયું છે ? – બાંગ્લાદેશ
7. તાજેતરમાં ચીનના પૂર્વ સાગરકાંઠે કયું ચક્રવાત ત્રાટક્યું હતું ? – ઈન – ફા
8. ઈન્ટરનેશનલ ફાઈનાન્સ કોર્પોરેશન (IFC)એ કઈ ભારતીય બેંકને સસ્તું હાઉસિંગ ફાઈનાન્સ માટે 250 મિલિયન ડોલરની લોન આપી છે ? – HDFC બેંક
9. વર્ષ 2021માં પ્રથમ વખત 'ડુબતા લોકોને બચાવવા માટેનો દિવસ' કઈ તારીખે મનાવવામાં આવ્યો હતો ? – 25 જુલાઈ
10. 'આઝાદી કી શૌર્ય ગાથા' પ્રદર્શન, જેનું તાજેતરમાં ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. તે કયા સ્વાતંત્ર્ય સેનાનીના જીવન પર આધારિત છે ? – શ્રી ચંદ્રશેખર આઝાદ
(કેન્દ્રીય સંસ્કૃતિ અને સંસદીય બાબતોના રાજ્યમંત્રી શ્રી અર્જુનરામ મેઘવાલે તાજેતરમાં શહીદ ચંદ્રશેખર આઝાદના જીવન પર આધારિત પ્રદર્શન 'આઝાદી કી શૌર્ય ગાથા'નું ઉદ્દઘાટન કર્યુ હતું. આ પ્રદર્શનનું ઉદ્દઘાટન ઈન્દિરાગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર, નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.)
11. તાજેતરમાં શ્રી બી. એસ. યેદિરપ્પાએ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું છે. તે કયા રાજ્યના મુખ્યમંત્રી હતા ? – કર્ણાટક
12. તાજેતરમાં કયા દેશે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન માટે 'નૌકા' નામનું નવું મોડલ લોન્ચ કર્યુ છે ? – રશિયા
(રશિયાની સ્પેસ એજન્સી રોસ્કોસ્મોસે તાજેતરમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન માટે 'નૌકા' નામનું નવું મોડલ લોન્ચ કર્યુ છે. જે સ્પેસ સ્ટેશન પર દેશની મુખ્ય સંશોધન સુવિધા તરીકે કામ કરશે.)
13. તાજેતરમાં કોણે નેશનલ વિમેન્સ ઓનલાઈન ચેસ ટાઈટલ જીત્યું છે ? – સુશ્રી વંતિકા અગ્રવાલ
14. તાજેતરમાં શ્રી માઈક હેન્ડ્રિક્સનું 72 વર્ષની વયે નિધન થયું છે. તે કયા દેશના ભૂતપૂર્વ ક્રિકેટર હતા ? – ઈંગ્લેન્ડ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. ભારત અને કયા દેશ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'INDRA-21' તાજેતરમાં યોજાશે ? – રશિયા
16. ઓડિશા રાજ્યનું કયું શહેર ‘ડ્રિન્ક ફ્રોમ ટેપ’ સુવિધા આપનાર દેશનું પ્રથમ શહેર બન્યું છે ? – પુરી
(ઓડિશા રાજ્યનું પુરી શહેર ‘ડ્રિન્ક ફ્રોમ ટેપ’ સુવિધા આપનાર દેશનું પ્રથમ શહેર બન્યું છે. આનો અર્થ એ છે કે શહેરમાં પીવાનું સલામત પાણી હવે દરેક માટે ઉપલબ્ધ છે. નળ દ્વારા ઉપલબ્ધ આ પાણીનો ઉપયોગ રસોઈ અને પીવા માટે થઈ શકે છે.)
17. તાજેતરમાં કયા IPS અધિકારીની ‘નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યૂરો’ (BCAS)ના ડાયરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ? – શ્રી નાસીર કમલ
(તાજેતરમાં વરિષ્ઠ IPS અધિકારી શ્રી નાસીર કમલને ‘નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યૂરો’ ના ડાયરેક્ટર જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ 1986 બેચના ઉત્તરપ્રદેશ કેડરના IPS અધિકારી છે.)
18. તાજેતરમાં કયા મંત્રાલયે ESSDP (Earth System Science Data Portal) લોન્ચ કર્યુ છે ? – પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય
19. તાજેતરમાં શ્રી એન્ટોની બ્લિન્કેને નવી દિલ્હી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત કરી હતી. તે કયા દેશના વિદેશ મંત્રી છે ? – અમેરિકા
20. તાજેતરમાં શ્રી નંદુ નાટેકરનું નિધન થયું છે. તે કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – બેડમિન્ટન
21. કયું મંત્રાલય 'India Cycles4change Challenge' સાથે જોડાયેલું છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
22. CSR ફંડનો ઉપયોગ કરીને ખાનગી હોસ્પિટલો દ્વારા મફત COVID-19 રસીકરણ શરૂ કરનાર પ્રથમ રાજ્ય કયું છે ? – તમિલનાડુ
23. COVID-19 દર્દીઓ માટે ભારતની પ્રથમ સ્વદેશી શારીરિક પરિમાણોની મોનિટરિંગ સિસ્ટમનું નામ શું છે ? – COVID- BEEP
24. અમેરિકાએ ભારતમાં કોવિડ-19 રસીકરણ માટે કેટલા મિલિયન ડોલરની સહાયની જાહેરાત કરી છે ? – 25 મિલિયન ડોલર
25. તાજેતરમાં રાજા મરચાની લંડન નિકાસ કરવામાં આવી હતી. આ મરચા કયા રાજ્ય સાથે સંકળાયેલા છે ? – નાગાલેન્ડ
(તાજેતરમાં રાજા મરચાની નાગાલેન્ડથી લંડન નિકાસ કરવામાં આવી છે. આ મરચાને નાગા કિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મરચાને વર્ષ 2008માં GI ટેગ મળ્યું હતું.)
26. તાજેતરમાં 'AI For All' પહેલ કોણે શરૂ કરી છે ? – ઈન્ટેલ, શિક્ષણ મંત્રાલય અને CBSC
(તાજેતરમાં ઈન્ટેલે CBSC અને શિક્ષણ મંત્રાલયે સાથે મળીને 'AI For All' પહેલ શરૂ કરી છે. આ પહેલ દેશમાં બધા માટે ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’ (AI)ની મૂળભૂત સમજણ ઉભી કરવાના હેતુથી શરૂ કરવામાં આવી છે.)
27. ‘મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ 2021’ કોણે જીત્યો છે ? – શ્રીમતી આશા ભોસલે
28. તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘કૃષિકર્ણ’ પ્રોજેક્ટ કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – કેરળ
29. ‘નેશનલ ગેલરી ઓફ ઓસ્ટ્રેલિયા’ એ તાજેતરમાં તેના એશિયન આર્ટ કલેકશનમાંથી.........કલાકૃતિઓ ભારતને પરત કરવાની જાહેરાત કરી છે ? – 14
30. ટોકયો ઓલિમ્પિકમાં ભાગ લેનાર ખેલાડી સુશ્રી સી. એ. ભવાની દેવી કઈ રમત સાથે સંકળાયેલ છે ? – તલવારબાજી
31. સુશ્રી દીપિકા કુમારી કઈ રમત સાથે સંકળાયેલ છે ? – તીરંદાજ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT